પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૯૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૦૮-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

‘હર ઘર તિરંગા’ મુહિમ પર રાજકારણ : નામ લીધા વગર RSSને રાહુલ ગાંધીએ ‘દેશદ્રોહી સંગઠન’ ગણાવ્યું

અમે નરેન્દ્ર મોદીથી ડરતા નથી, જે કરવું હોય તે કરી લો

નવીદિલ્હી, હર ઘર તિરંગા અભિયાન પર વિવાદ વધી રહ્યો છે. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ને દેશદ્રોહી સંગઠન ગણાવતા નવેસરથી વિવાદ ઊભો થયો છે. અત્રે જણાવવાનું કે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયાના અવસરે આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમની ઉજવણી થઈ રહી છે. ભાજપ અને કેન્દ્ર સરકાર તરફથી દેશમાં તે માટે દરેક ઘરે તિરંગો લહેરાવવાના અભિયાનની શરૂઆતની જાહેરાત કરાઈ છે. પીએમ મોદી સહિત અન્ય બીજેપી નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓએ પોત પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ડીપી ચેન્જ કરીને તિરંગો મૂકયો છે. આ બધા વચ્ચે રાહુલ ગાંધી ગઈ કાલે કર્ણાટક પ્રવાસે હતા. અહીં તેમણે હર ઘર તિરંગા અભિયાનને લઈને ભાજપ તથા આરએસએસ પર નિશાન સાધ્યું છે.

રાહુલ ગાંધીએ પોતાના કર્ણાટક પ્રવાસ દરમિયાન કર્ણાટક ખાદી ગ્રામોદ્યોગના કર્મચારીઓ સાથે મુલાકાત કરી. ત્યારબાદ રાહુલ ગાંધીએ એક ટ્વીટ કરી જેમાં લખ્યું છે કે ’કર્ણાટક ખાદી ગ્રામોદ્યોગના તમામ સાથીઓને મળીને ખુબ આનંદ થયો. ઈતિહાસ સાક્ષી છે કે હર ઘર તિરંગ મુહીમ ચલાવનારા, એ દેશદ્રોહી સંગઠનમાંથી નીકળ્યા છે, જેમણે ૫૨ વર્ષ સુધી તિરંગો ફરકાવ્યો નથી. આઝાદીની લડતથી, તેઓ કૉંગ્રેસ પાર્ટીને ત્યારે પણ રોકી ન શક્યા અને આજે પણ રોકી શકશે નહીં.’

નેશનલ હેરાલ્ડની ઓફિસ ગઈકાલે એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ દ્વારા સીલ કરાયા બાદ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આજે લડાયક મૂડમાં તેઓ ઈડી કે નરેન્દ્ર મોદીથી ડરતા નથી તેવું જણાવીને જે કરવું હોય તે કરી લેવા પડકાર ફેંકયો હતો.

રાહુલ ગાંધીએ આજે ભાજપ પર જોરદાર હુમલો કર્યો હતો અને તેઓ તપાસથી ભાગી રહ્યા છે તેવા ભાજપના આરોપ પર વળતો જવાબ આપતા કહ્યું કે મારી વાત સાંભળો, અમે નરેન્દ્ર મોદીથી ડરતા નથી, સમજી ગયા, જે કરવુ હોય તે કરી શકે છે. અમને કોઈ ફર્ક પડતો નથી, અમારું કામ દેશની રક્ષા કરવાનું, લોકતંત્રની રક્ષા કરવાનું તથા દેશમાં એખલાશ ભર્યો માહોલ જળવાઈ રહે તે છે અને હું તે કરતો રહીશ તેઓ કંઈ પણ કરી લે તેનાથી કોઈ ફર્ક પડતો નથી. ગઈકાલે નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ હેરાલ્ડ હાઉસમાં આવેલી યંગ ઈન્ડીયનની ઓફિસને સીલ કરી દીધી હતી અને કૉંગ્રેસ વડા મથકે પણ સુરક્ષા બંદોબસ્ત લાદી દેવામાં આવ્યો હતો અને એન્ફોર્સમેન્ટ વિભાગ કોઈ મોટી કાર્યવાહી કરવા જઈ રહી છે તેવો માહોલ ઉભો કરાયો હતો. જેના જવાબમાં આજે રાહુલ ગાંધીએ આ આકરુ વિધાન કર્યુ હતું અને ઉમેર્યુ હતું કે અમે કોઈપણ પરીસ્થિતિનો સામનો કરવા તૈયાર છીએ.

’હર ઘર તિરંગા’ અભિયાનને લઈને બુધવારે ભાજપ દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં સરકારના અનેક મોટા મંત્રીઓએ ભાગ લીધો હતો પરંતુ રેલીને લઈને રાજકારણ તેજ બન્યું છે જ્યારે આ રેલીમાં કોઈ વિપક્ષી નેતા સામેલ નહોતા થયા. આ અંગે કેન્દ્ર સરકારનું કહેવું છે કે, અમે આ રેલીમાં શાસક પક્ષ અને વિપક્ષ બંનેના સાંસદોને ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું પરંતુ વિપક્ષના એક પણ નેતાએ હાજરી નહોતી આપી. સરકારે કહ્યું છે કે, તિરંગો આખા દેશનો છે તો તેમાં રાજનીતિ કરવી ક્યાં સુધી યોગ્ય છે.

અત્રે જણાવવાનું કે રાહુલ ગાંધીએ પોતાના કર્ણાટક પ્રવાસ દરમિયાન ચિત્રદુર્ગમાં શ્રી મુરુધા મઠની પણ મુલાકાત કરી. આ મઠનું લિંગાયત સમુદાયમાં મોટું મહત્વ છે. આ દરમિયાન તેમણે કહ્યું કે તેઓ ઈષ્ટલિંગ અને શિવયોગ વિશે વિસ્તૃત માહિતી ઈચ્છે છે. તેમણે કહ્યું કે ’હું છેલ્લા કેટલાક સમયથી બસવન્ના જીને ફોલો કરી રહ્યો છું અને તેમને વાંચી રહ્યો છું. તેથી અહીં આવવુ મારા માટે વાસ્તવિક સન્માનની વાત છે. મારી એક વિનંતી છે, જો તમે મારી પાસે કોઈ એક એવા વ્યક્તિને મોકલી શકો છો જે મને ઈષ્ટલિંગ અને શિવયોગ વિશે વિસ્તારથી જણાવી શકે, તો મને લગભગ તેનાથી ફાયદો થશે.’ આ દરમિયાન કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ચિત્રદુર્ગમાં શ્રી મરૂધ મઠના દ્રષ્ટા ડો. શ્રી શિવમૂર્તિ મુરૂધ શરણારૂ પાસે લિંગ દીક્ષા ગ્રહણ કરી. સામાન્ય રીતે લિંગાયત સમુદાયના લોકો ક્રિસ્ટલથી બનેલ ઈષ્ટલિંગ પહેરીને આ અનુષ્ઠાનને કરે છે.

રાહુલે બસવન્નાનો ઉલ્લેખ કર્યો. પરંતુ શું તમે જાણો છો કે બસવન્ના કોણ હતા? બસવન્નાને બસવ પણ કહેવામાં આવે છે. તે ૧૨મી સદીના એક મહાન સમાજ સુધારક હતા. સમાજ સુધારક હોવા સિવાય એક દાર્શનિક, કવિ તથા શિવ ભક્ત હતા. તેણમે લિંગાયત ધર્મની સ્થાપના કરી હતી.

મેં મારી ડીપી બદલી છે કારણ કે ધ્વજ ખુશી અને ગર્વનું પ્રતીક છે. : મહેબુબા મુફતી

પીપલ્સ ડેમોકેટિક પાર્ટી (પીડીપી)ના પ્રમુખ મહેબૂબા મુફ્તીએ તેમના ટ્વિટર એકાઉન્ટ પર એક ડિસ્પ્લે પિક્ચર મૂક્યો, જેમાં તેમના પિતા મુફ્તી મોહમ્મદ સઈદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એકસાથે બેઠેલા જોવા મળે છે અને તેમની સામે રાષ્ટ્રધ્વજ છે. તિરંગા સાથે જમ્મુ અને કાશ્મીરનો ધ્વજ દેખાય છે. વડા પ્રધાન મોદીએ રવિવારે પ્રસારિત તેમના ‘મન કી બાત’ કાર્યક્રમમાં કહ્યું હતું કે ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ એક જન આંદોલનનું સ્વરૂપ લઈ ગયું છે. તેમણે લોકોને ૨ થી ૧૫ ઓગસ્ટ સુધી પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટના ડીપી પર તિરંગો લગાવવા માટે અનુરોધ કર્યો હતો.

નવી ડીપી મૂકતા મહેબૂબાએ કહ્યું કે તેનો ધ્વજ જમ્મુ અને કાશ્મીરમાંથી “છીનવી લેવામાં આવ્યો” પરંતુ તે લોકોની સામૂહિક ચેતનામાંથી ભૂંસી શકશે નહીં. મહેબૂબાના ટ્વિટર એકાઉન્ટ પરની તસવીર નવેમ્બર ૨૦૧૫માં યોજાયેલી રેલીની છે, જેને વડાપ્રધાને તેમની મુલાકાત દરમિયાન સંબોધિત કરી હતી. તે સમયે મુફ્તી મોહમ્મદ સઈદ જમ્મુ અને કાશ્મીર રાજ્યના મુખ્યમંત્રી હતા.

મહેબૂબાએ ટ્વીટ કર્યું, “મેં મારી ડીપી બદલી છે કારણ કે ધ્વજ ખુશી અને ગર્વનું પ્રતીક છે. આપણા રાજ્યનો ધ્વજ ભારતીય ધ્વજ સાથે જોડાયેલો હતો, જેને બદલી શકાતો નથી. આ એસોસિએશનનો અંત કરીને તે છીનવી લેવામાં આવ્યો હતો. તમે અમારી પાસેથી અમારો ધ્વજ છીનવી લીધો છે પરંતુ તે અમારી સામૂહિક ચેતનામાંથી ભૂંસી શકશે નહીં. જે બાદ જમ્મુ-કાશ્મીરનો ધ્વજ અમાન્ય બની ગયો.

એક વર્ષમાં ડિઝીટલ લેવડ-દેવડમાં ૪૨ ટકા લોકો સાથે રૂા.૬૦૪૧૪ કરોડની છેતરપિંડી

નવીદિલ્હી, ડિઝીટલ પેમેન્ટે જેટલી સુવિધા આપી છે, એટલી દુવિધા પણ સર્જાઈ છે. ડિઝીટલ નાણાકીય વ્યવહારમાં લોકો સાથે અધધધ ૬૦,૪૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી થયાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. બેકીંગ અને પેમેન્ટ ડિઝીટાઈઝેશનથી લોકોની સાથે સરકારને પણ ફાયદો થયો છે, જો કે તેનાથી નાણાકીય છેતરપિંડીને પ્રોત્સાહન મળ્યું છે.

કારણ કે તેનાથી લોકોના પર્સનલ નાણાકીય ડેટા જેમ કે ડેબિટ-ક્રેડીટ કાર્ડની ડિટેલ હાંસલ કરવાના અનેક રસ્તા સાઈબર ક્રિમીનલ્સ માટે ખુલી ગયો છે. રિઝર્વ બેક્ના આંકડા અનુસાર વર્ષ ૨૦૨૧-૨૨માં ૬૦,૪૧૪ કરોડ રુપિયાની છેતરપિંડી લોકો સાથે થઈ છે. આ મામલાની ગંભીરતા સમજવા લોકલ સર્કલ્સે સર્વે કર્યો હતો. સર્વેમાં પૂછવામાં આવ્યું હતું કે શું તે અથવા તેમના પરિવારના સભ્ય છેલ્લા ત્રણ વર્ષમાં નાણાકીય છેતરપિંડીનો શિકાર બન્યા છે? તેમની સાથે કેવા પ્રકારની છેતરપિંડી થઈ એ પણ જાણવાની કોશિશ થઈ હતી. સાથે સાથે એ પણ સવાલ કરાયો હતો કે છેતરપિંડી બાદ શું તેમને તેમના પૈસા પાછા મળ્યા છે?

જવાબમાં ૫૪ ટકા લોકોએ જણાવ્યું હતું કે તે કે તેમના પરિવારના કોઈ શિકાર નથી બન્યું. કુલ ૪૨ ટકા લોકોએ સ્વીકાર્યું હતું કે તે અને તેમનો પરિવાર નાણાકીય છેતરપિંડીનો શિકાર બન્યા છે. જો કે ૪ ટકા લોકોએ જણાવ્યું હતું કે તેના પરિવારના અનેક સભ્યો છેતરપિંડીનો શિકાર બન્યા છે. ૩૮ ટકા લોકોએ કહ્યું હતું કે તેમના પરિવારના કોઈને કોઈ એક સભ્ય તેનો શિકાર બન્યા છે. ૪ ટકાએ કહયું હતું કે કંઈ ન કહી શકાય. બીજા સવાલના જવાબમાં ૧૭ ટકા લોકોએ જ કહ્યું હતું કે છેતરપિંડી બાદ તેમને પૈસા પાછા મળ્યા છે જ્યારે ૭૪ ટકા લોકોએ કહ્યું હતું કે તેમના કેસનું કોઈ નિરાકરણ નહોતું થયું.

ધોરણ ૧૨ની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર

અમદાવાદ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની જુલાઈ ૨૦૨૨માં લેવાયેલી વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તેમજ સંસ્કૃત માધ્યમની પૂરક પરીક્ષાનું પરિણામ આજે બોર્ડની ઓફિશિયલ વેબ સાઈટ જાહેર કરવામાં આવ્યું છે.

જુલાઈ મહિનામાં લેવામાંઆવેલી વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા માટે ૧૪,૦૩૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૧૨,૨૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટે ૪૧,૧૬૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૩૭,૪૫૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જેમાંથી વિજ્ઞાન પ્રવાહમાં ૩,૫૮૮ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં પાસ થયા છે અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૨૯.૨૯ ટકા આવ્યું છે, જ્યારે સામાન્ય પ્રવાહમાં ૨૩,૪૯૪ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં પાસ થયા છે અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૬૨.૭૨ ટકા આવ્યું છે.

વિદ્યાર્થી બોર્ડ ઓફિશિયલ વેબસાઈટ પર જઈ તેઓનું પરિણામ પરીક્ષાનો સીટ નંબર એન્ટર કરીને મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર અને એસઆર શાળાવાર મોકલવા અંગે હવે બાદમાં જાણ કરવામાં આવશે. અન્ય સુચનાઓ શાળા માટે પરિપત્ર રૂપે મોકલાવાશે.

અત્રે ઊલ્લેખનીય છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૮ જુલાઈના રોજ સાયન્સ પ્રવાહની પરીક્ષા લેવાઈ હતી. એ જ રીતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૮થી ૨૦ જુલાઈની વચ્ચે કોમર્સ પ્રવાહ એટલે કે સામાન્ય પ્રવાહની પરીક્ષા લેવાઈ હતી. તમને જણાવી દઈએ કે એક કે બે વિષયમાં ફેલ થનારા વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડે નહીં તે હેતુથી પૂરક પરીક્ષા લેવામાં આવે છે. પૂરક પરિક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ આગળ વધુ અભ્યાસ માટે ચાલુ સત્રમાં કોલેજ વગેરેમાં એડમિશન મેળવી શકે છે. કોલેજોમાં એડમિશન પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે.

મોંઘવારીના વિરોધમાં કોંગ્રેસ રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન યોજશે!

અમદાવાદ, દેશભરમાં મોંઘવારીએ માઝા મુકી દીધી છે અને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ જેવી કે ઘઉંનો લોટ, મધ, ગોળ,પેકિંગમાં મળતું અનાજ, વગેરે પર જીએસટીના કારણે તેના ભાવમાં અસહ્ય વધારો થવાથી પ્રજાજનો પર મોંઘવારીનો ભારે બોજ આવ્યો છે. ત્યારે, ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજ્ય વ્યાપી ધરણાં કાર્યક્રમ આપવામાં આવશે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, અત્યંત અસંવેદનશીલ અને સરમુખત્યારી ભાજપ સરકારના અવિચારી અને પ્રજાવિરોધી નિર્ણયો પ્રજાજનોની હાડમારીમાં વધારો કરી રહ્યાં છે. દેશમાં ગ્રામીણ અને શહેરી બેરોજગારીમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે સતત વધતી બેરોજગારી, મોંઘવારી, તમામ આવશ્યક જીવન જરૂરી ચીજવસ્તુઓમાં બેફામ ભાવ વધારાને પગલે પીડાતી પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરવા સમગ્ર રાજ્યમાં ભાજપ સરકાર સામે કોંગ્રેસ પક્ષ ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાશે. કેજરીવાલે કરી જાહેરાત, ગુજરાતમાં દરેકને રોજગાર મળશે, નહીંતર ૩ હજારનું ભથ્થુ ચૂકવાશે કેજરીવાલે કરી જાહેરાત, ગુજરાતમાં દરેકને રોજગાર મળશે, નહીંતર ૩ હજારનું ભથ્થુ ચૂકવાશે ભાજપ સરકારની અવિચારી, વિવાદાસ્પદ અગ્નિપથ જેવી યોજના પણ બેરોજગાર યુવાનોની આકાંક્ષાઓને પણ નષ્ટ કરી રહી છે. હાલમાં સંસદના ચાલુ સત્રમાં સંસદ અને સંસદની બહાર પણ કોંગ્રેસ પક્ષ આ મુદ્દે આક્રમક વલણ દ્વારા વિરોધ પ્રદર્શન કરી રહી છે. ગુજરાતના ૩૩ જીલ્લા, ૮ મહાનગરપાલિકા, ૧૫૭ નગરપાલિકામાં તારીખ પમી ઓગસ્ટ, ૨૦૨૨ ને શુક્રવારના રોજ મોંઘવારી અને બેરોજગારી સામે પ્રચંડ વિરોધ પ્રદર્શનનો અને સામુહિક ધરપકડનો કાર્યક્રમ યોજાશે.

જો ચીન-તાઈવાન વચ્ચે યુદ્ધ થયું તો હાહાકાર મચી જશે

ભારત સહિત દુનિયામાં અનેક ચીજો માટે લોકો તરસી જાય તેવી સંભાવના

નવીદિલ્હી, ચીનની તમામ ધમકીઓ છતાં અમેરિકી સંસદના સ્પીકર નેન્સી પેલોસી તાઈવાનના પ્રવાસે ગયા. ૧૯ કલાક સુધી પેલોસી તાઈવાનના રાષ્ટ્રપતિ અને ત્યાંના અધિકારીઓને મળતા રહ્યા અને જ્યાં સુધી આ મુલાકાતોનો દોર ચાલ્યો ત્યાં સુધી ચીનને મરચા લાગતા રહ્યા. ધમકીઓ વચ્ચે પણ પેલોસીએ કરેલો આ પ્રવાસ એ વાતનો પુરાવો છે કે અમેરિકાને ચીનની ચેતવણીઓથી કોઈ ફરક પડતો નથી. પેલોસીએ તાઈવાનને ભરોસો અપાવ્યો કે અમેરિકા તેની સાથે છે. પેલોસીના આ પ્રવાસથી અકળાયેલા ચીને તાઈવાનમાં અનેક જગ્યાઓ પર પોતાના ફાઈટર જેટ અને યુદ્ધ જહાજો તૈનાત કરી લીધા છે.

ભૌગોલિક રીતે જોઈએ તો ચીન દુનિયાના સૌથી મોટા દેશોમાંથી એક છે અને તાઈવાનની ગણતરી દુનિયાના નાનકડા દેશોમાં થાય છે. અર્થવ્યવસ્થા પ્રમાણે પણ બંને દેશોની સરખામણી થઈ શકે નહીં. પરંતુ આમ છતાં આ બંને દેશો વચ્ચે જ્યારે હવે યુદ્ધનું જોખમ તોળાઈ રહ્યું છે તો દુનિયા એક અલગ જ તણાવમાં છે. પહેલેથી ઓટોથી લઈને સ્માર્ટફોન ઈન્ડસ્ટ્રી ચિપ શોર્ટેજથી પરેશાન છે. તાઈવાનમાં સ્થિતિ બગડશે તો સંકટ વધુ ગાઢ બનશે કારણ કે નાનકડો દેશ તાઈવાન સેમીકન્ડક્ટર મામલે દુનિયાની ફેક્ટરી છે.

નેન્સી પેલોસીના પ્રવાસ બાદ જે સ્થિતિ ઊભી થઈ છે તે સ્થિતિ જો આમ જ રહી અને તાઈવાન પર હુમલો થયો તો ઈલેક્ટ્રોનિક્સ, કમ્પ્યુટર, સ્માર્ટફોન, કારોના ભાવ ચોક્કસપણે વધશે. બની શકે કે બજારમાંથી ઈલેક્ટ્રોનિક સામાન પણ ગાયબ બની જાય. કોરોના મહામારી સમયે જ્યારે તાઈવાન સાથે સપ્લાય ચેઈન તૂટી ગઈ હતી ત્યારે દુનિયાને એ વાતનો અહેસાસ થઈ ગયો હતો કે તાઈવાનનું બજારમાં ન હોવાનો શો અર્થ છે.

દુનિયામાં સેમીકન્ડક્ટરથી થનારી કુલ કમાણીનો ૫૪ ટકા હિસ્સો તાઈવાનની કંપનીઓ પાસે છે. જેમાંથી સૌથી વધુ યોગદાન તાઈવાનની કંપની જીસ્ઝનું જ છે. જીસ્ઝ હજુ પણ દુનિયાની સૌથી મોટી સેમીકન્ડક્ટર કંપની છે. **Apple, Qualcomm, Nvidia, Microsoft, Sony, Asus, Yamaha, Panasonic** જેવી દિગ્ગજ કંપનીઓ તેના ગ્રાહક છે. તાઈવાન સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગ કંપની દુનિયાની ૯૨ ટકા એડવાન્સ સેમીકન્ડક્ટરનું ઉત્પાદન કરે છે.

ચીન સેમીકન્ડક્ટર મામલે તાઈવાનથી ઘણું પાછળ છે. સેમીકન્ડક્ટરના બજારને અમેરિકા પણ સમજે છે અને ચીન પણ. આથી બંને દેશ આ નાનકડા દેશ માટે આમને સામને છે. જો ચીન તાઈવાન પર હુમલો કરશે તો દુનિયા માટે ચિપનું બજાર સંપૂર્ણપણે ઠપ થઈ જશે અને પહેલેથી મોંઘવારી સામે ઝઝૂમી રહેલી દુનિયા સામે નવું સંકટ ઊભું થઈ જશે.

ભારતીય નૌસેના છેલ્લા ૧૯ મહિનાથી યુદ્ધ વિમાનવાહક જહાજ વિહોણી

નવીદિલ્હી, ભારતીય નૌસેના લગભગ ૧૯ મહિનાથી વિમાનવાહક જહાજ અર્થાત એરક્રાફ્ટ કેરિયર વિના જ કામ કરી રહી છે. નેવી પાસે એક જ એરક્રાફ્ટ કેરિયર આઈએનએસ વિક્રમાદીત્ય છે, જેની પાસેથી છેલ્લા ૧૯ મહિનાથી કામ નથી લેવાયું. સૂત્રો અનુસાર ડિસેમ્બર ૨૦૨૦માં એરક્રાફ્ટ કેરિયરને મેન્ટેનન્સ માટે મોકલવામાં આવ્યું હતું. આ કામ કારવારમાં થઈ રહ્યું છે અને હજુ તેમાં ૨-૩ મહિનાનો વધુ સમય લાગી શકે છે. ત્યારબાદ જ આઈએનએસ વિક્રમાદીત્યનો કોઈ અભિયાનમાં ઉપયોગ થઈ શકશે.એલએસીની સ્થિતિને જોઈ તારીખ પાછળ ઠેલાયેલી: સૂત્રો અનુસાર આઈએનએસ વિક્રમાદીત્યના મેન્ટેનન્સનું કામ આમ તો ૨૦૧૮માં જ થવાનું હતું. પરંતુ નૌસેનાના અનેક અભ્યાસોને લઈને તેને ટાળવામાં આવ્યું હતું. બાદમાં ૨૦૨૦ના પ્રારંભમાં પુર્વી લદાખમાં ચીન સીમા પર તનાવને જોતા ફરી તેના મેન્ટેનન્સની તારીખ પાછળ ઠેલાઈ હતી. નૌસેના પાસે એક જ એરક્રાફ્ટ કેરિયર છે અને ચીન સાથે તનાવની સ્થિતિમાં તેને મેન્ટેનન્સ માટે મોકલી શકાય તેમ નહોતું.

મુંબઈ પોલીસે પાલઘરમાંથી ૧૪૦૦ કરોડની કિંમતનો ૭૦૦ કિલોથી વધુ મેફેડ્રોન જપ્ત કર્યો, ૫ની ધરપકડ

મુંબઈ, મુંબઈ પોલીસે પાલઘર જિલ્લાના નાલાસોપારા ખાતે ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ યુનિટ પર દરોડા પાડીને રૂ.૧,૪૦૦ કરોડની કિંમતનું ૭૦૦ કિલોગ્રામ ’મેફેડ્રોન’ જપ્ત કર્યું છે. આ સંબંધમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. એક અધિકારીએ ગુરુવારે આ જાણકારી આપી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એન્ટી-ડ્રગ સેલ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે આ કાર્યવાહી ચોક્કસ માહિતીના આધારે કરવામાં આવી છે. એએનસીની એક ટીમે પરિસરમાં દરોડા પાડ્યા હતા અને તે દરમિયાન સામે આવ્યું હતું કે પ્રતિબંધિત દવા ’મેફેડ્રોન’ ત્યાં બનાવવામાં આવી હતી.

ચાર આરોપીઓની મુંબઈમાંથી ધરપકડ કરવામાં આવી છે, જ્યારે એક વ્યક્તિને નાલાસોપારામાં પકડવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે શહેર પોલીસ દ્વારા તાજેતરના સમયમાં આ સૌથી મોટી માદક દ્રવ્યોની જપ્તી છે. ’મેફેડ્રોન’ને ’મ્યાઉ મ્યાઉ’ અથવા એમડી પણ કહેવામાં આવે છે. તે નેશનલ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ પ્રતિબંધિત છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાયણના મુવાડા દુધ ઉ.સ.સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. રાયણના મુવાડા, તા. ઘોઘંબા, જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ઘી ખરખડી દુધ ઉ. સંઘ
તરફથી અભીનંદન....
મુ. ખરખડી, તા. ઘોઘંબા, જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ઘી લીમખેડા તા.સ.ખ.વે.સંઘ
તરફથી અભીનંદન....
મુ. લીમખેડા શાખા-ઝાલોદ રોડ, તા. લીમખેડા, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લાના ૧૨ ગામોમાં લમ્પી વાયરસ થી ૧૩ પશુઓ અસરગ્રસ્ત

લુણાવાડા, સમગ્ર રાજયમાં ફેલાયેલા લમ્પી સ્કીન ડીસીઝને લઈને રાજયના પશુપાલન વિભાગ સાથે જિલ્લા વહીવટીતંત્ર સજજ બન્યું છે. મહીસાગર જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝના બહારથી આવેલ પશુઓના કારણે બે કેસો જણાઈ આવતાં જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ તરત અસરગ્રસ્ત ગામોમાં સારવારની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી હતી.

જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝના રોગચાળાથી પશુધનને બચાવવા માટે પશુપાલન વિભાગ દ્વારા જિલ્લાના અસરગ્રસ્ત તાલુકાઓના ગામોમાં પશુઓને રસી મૂકવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત રોગચાળાનું સંક્રમણ ફેલાવા ન પામે તે ગામે જિલ્લાના અન્ય વિસ્તારો સહિત ગૌશાળાઓમાં પણ રસીકરણની કામગીરી કરવામાં શરૂ કરવામાં આવી છે.

આ અંગેની વિગતો આપતાં જિલ્લાના નાયબ પશુપાલન નિયામકએ જણાવ્યું છે કે, જિલ્લાના ૪ તાલુકાઓના ૧૨ ગામોમાં ૧૩ પશુઓ અસરગ્રસ્ત થયા છે જેમાં મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ૧ ગામના ૧ પશુ. વિરપુર તાલુકાના ૬ ગામના ૭ પશુઓનો બાલાસિનોર તાલુકાના ૩ ગામના ૩ પશુઓનો ખાનપુર તાલુકાના ૨ ગામના ૨ પશુઓનો સમાવેશ થાય છે.

આ તમામ અસરગ્રસ્ત ગામોના પશુઓની રસીકરણ કામગીરી ચાલુ કરવામાં આવ્યુ છે. વધુમાં મહીસાગર જિલ્લામાં જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર દ્વારા લમ્પી સ્કીન ડીસીઝનું સંક્રમણ ફેલાવા ન પામે તે માટે સમગ્ર મહીસાગર જિલ્લામાં બહારના રાજયમાંથી કે અન્ય જિલ્લામાંથી પશુઓને લાવવા કે ફેરબદલી કરવા તેમજ પશુ બજારો અને પશુ મેળાઓ જેવી કાર્યવાહી ન કરવા માટે જાહેરજનતા ને વિનતી કરેલ છે.

આ ઉપરાંત લમ્પી સ્કીન ડીસીઝનું સંક્રમણ ફેલાવા ન પામે તે માટે પાંજરાપોળો/ગૌશાળા અને ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છર, ઈતરડીનો ફેલાવો અટકાવવા માટે દવાનો છંટકાવ તથા પશુઓને રાખવાની જગ્યાઓ સ્વચ્છ રાખવા જેવી સૂચનાઓ પશુપાલકોને આપવામાં આવી રહી હોવાની સાથે જિલ્લા વહીવટી તંત્ર અને પશુપાલન વિભાગ દ્વારા રોગને ઉગતો ડામી દેવા માટેના અસરકારક પગલાં લેવામાં આવી રહ્યા હોવાનું જણાવી જિલ્લાના અસરગ્રસ્ત તમામ પશુઓને સારવાર હેઠળ ચુદ્ધના ધોરણે આવરી લેવામાં આવતાં જિલ્લામાં લમ્પી સ્કીન ડીસીઝના કારણે કોઈપણ પશુનું મરણ થવા પામેલ નથી તેમ ઉમેર્યું હતું.

મહીસાગર જિલ્લાના લુણાવાડા સ્થિત જીલ્લા પંચાયત ખાતે નારી વંદન કાર્યક્રમ અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરાઈ

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, નારી વંદન કાર્યક્રમ અંતર્ગત આજ રોજ મહીસાગર જિલ્લામાં જીલ્લા પંચાયત હોલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરના અધ્યક્ષ સ્થાને મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આજના આ પ્રસંગે વિવિધ મહાનુભાવોના હસ્તે ખેતીવાડી શાખાના લાભાર્થી ને સ્માર્ટ ફોન સહાય યોજના અંતર્ગત લાભાર્થી બહેનોને સહાય મંજુરી હુકમો એનાયત કરાયા હતા. શ્રેષ્ઠ મહીલા પશુપાલક તરીકે જાગૃતિબેન હસમુખભાઈ પટેલ સહિતનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે મહિલા સરપંચ, તાલુકા અને જિલ્લા કક્ષાએ સમાજમાં આગવું પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પંચાયતી રાજને લગતી બાબતોની સબંધીત અધિકારીગણ દ્વારા મહિલાઓને માહિતી આપવામાં આવી હતી. પંચાયતી રાજ અને સામાજિક અન્વેષણ વિશે માસ્ટર ટ્રેનર રવીન્દ્રસિંહ સિસોદિયાએ સમજ આપી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે જણાવ્યું હતું કે, આજે પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ મહિલાઓને ૫૦ ટકા નેતૃત્વ મળ્યું છે. આજે સરકાર દ્વારા મહિલાઓને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા અનામત મળ્યું છે. તેમણે મહિલાઓને જીવનશૈલી, રહેણીકહેણી અને સમાજમાં આત્મસન્માન બાબતે માહિતી આપી હતી. આજે સરકારના પ્રયાસો થકી સમગ્ર વિશ્વમાંથી ફક્ત ભારતમાં મહિલાઓ માટે ૧૭૮ વિવિધ યોજનાઓ કાર્યરત થઈ છે. આજે પ્રસુતિથી લઈને બાળકીઓના શિક્ષણ માટે સરકાર સતત ચિંતિત છે. દીકરાઓના જન્મથી લઈને શિક્ષણ સુધી સરકાર તરફથી તમામ યોજનાઓમાં મદદ કરવામાં આવી રહી છે.તેમણે મહિલાલક્ષી યોજનાઓ વિશે ઉપસ્થિત મહિલાઓને માહિતી આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણીએ મહીલાઓને સંબોધતા જણાવ્યું કે, મહિલાઓ દરેક ક્ષેત્રે પોતાની આગવી નેતૃત્વ કળાને કારણે પોતાનું આગવું સ્થાન બનાવી ચુકી છે. લોકો કહે છે મહિલાએ પુરૂષ સમોવડી બનવાનું છે પરંતુ આજની મહિલા પુરૂષો કરતાં ક્યાંય આગળ જોવા મળે છે. દરેક ક્ષેત્રે આગળ વધતા આ દેશની કમાન દેશની મહિલાઓના હાથમાં છે. ખેતી, શિક્ષણ, પશુપાલન, આરોગ્ય, સમાજ કલ્યાણના ક્ષેત્રે પણ મહિલાઓ આગેવાની કરી રહી છે. આ પ્રસંગે લુણાવાડા તાલુકા પંચાયત પ્રમુખ જ્યોતીકાબેન પટેલે પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.

આજના આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચૌધરી, દહેજ પ્રબંધક અધિકારી પંકજ પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી જગદીશભાઇ પટેલ, આઇસીડીએસ અધિકારી શિલ્પા ડામોર, જિલ્લા અને તાલુકા પંચાયત પ્રમુખ, સભ્યઓ સરપંચો સહિત વિવિધ અધિકારીગણ/મહાનુભાવો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંતરામપુર નગરમાં રૂપિયા ચાર કરોડના ખર્ચે બનાવેલું નવું બસ સ્ટેન્ડ મેન ગેટના અભાવે ST બસને થતું નુકશાન

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં આશરે રૂા. ૪ કરોડના ખર્ચે નવી એસટી ડેપો ગોધરા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલું હતું. તે પણ એક વર્ષ ઉપરાંત થઈ ચૂક્યો છે, પરંતુ એસટી ડેપોમાં પ્રવેશ માટેના મુખ્ય બે ગેટોનો અભાવ અને મોટા ખાડા પડી જવાના કારણે એસટી બસોને નુકશાન થવા પામેલું છે. બહાર થી આવતી બસો એસટી ડેપોમાં પ્રવેશ થતા પહેલા ખાડામાં કૂદીને ઘણીવાર ફસાઈ જતી હોય છે. ત્યારે કેટલીક વાત ઘડાકા જેવો મોટો અવાજ થતો હોય છે બંને ગેટ ઉપર લોખંડની પાઈપો નાખીને જાડી ફીટીંગ કરવામાં આવેલી હતી, પરંતુ આ જાળી તૂટી જવાના કારણે માટી પૂરી દેવામાં આવેલી હતી. બસ એસટી ડેપોની બહાર નીકળતી વખતે પણ ઊંચો અને નીચા ભાગના કારણે ઘણી વાર બસનું નીચેનું પાટા અને એન્જિન અડી જવાના કારણે નુકસાન થતું હોય છે. નો પ્રવેશ કરતી વખતે એસટી ડેપોમાં આગળનો પાટો તૂટી જાય ડ્રાઈવરના પગારમાંથી રૂા.૧,૦૦૦ કાપીને દંડ વસૂલ કરવામાં આવે છે. આ રીતે છેલ્લા એક વર્ષથી આવી ઘટના વધી રહેલી છે. એસટી ડેપોના ડ્રાઈવર કંડકટર વગર લેવેદેવે નુકશાન ભોગવવાનો વારો આવતો હોય છે. કોન્ટ્રાક્ટરની બેદરકારી અને એસટી નિગમના બાંધકામ શાખાના અધિકારીના બેદરકારીના કારણે ડ્રાઈવરોને વારંવાર દંડ વસૂલ કરવો પડતો હોય છે અને હાલાકી પડતી હોય છે. રોજિંદા સંખ્યાબંધ એસટી ડેપોમાં અવર-જવર કરતી હોય છે. જેમાં મોટા પાયે નુકશાન થવા પામેલું છે. એસટી તંત્રની બેદરકારી અને ડ્રાઈવરની રૂા.૧,૦૦૦ દરેક મહિને બે મહિને પગારમાંથી કાપી લેવાય છે. એસટી બસનો આગળનો પાટો તૂટી જવાના કારણે આવી મુશ્કેલી બેઠેથી પણ એસટી તંત્ર કામગીરી કરવા તૈયાર નથી.

દધાલિયા પ્રાથમિક શાળામાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી

લુણાવાડા, આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત આજ રોજ પ્રાથમિક શાળા દધાલિયમાં ભારતમાતાના ફોટાનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ શાળાના બાળકો સ્ટાફ ગણ અને ગ્રામ જનો સાથે મળીને ભારતમાતાની મહા આરતી કરવામાં આવી. ત્યાર બાદ શાળાના આચાર્ય તથા શિક્ષક મિત્રો એ પ્રેરક પ્રવચન આપ્યું. સ્વાતંત્ર સંગ્રામના શહીદોને યાદ કરી આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

કડાણા અને સંતરામપુર તાલુકાના ૩૫ ગામોના આગેવાનોની મીટીંગ મળી

સંતરામપુર, સંતરામપુર તાલુકાના આદિવાસી ગામોમાં ખેતીવાડી, પશુપાલન આરોગ્ય શિક્ષણ અને જંગલ સુરક્ષા માટે ના પ્રશ્નો ઉપર ચર્ચા કરવા માટે ૩૫ જેટલા ગામોમાંથી આગેવાનોની માનગઢ ખાતે મીટીંગ યોજાઈ હતી. આ મિટિંગમાં આદિવાસી વિસ્તારને લગતા પ્રશ્નો ક્યા ક્યા છે. તેની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ વિસ્તારના જંગલો અને અન્ય કુદરતી સંસાધનોનું સંરક્ષણ અને સંવર્ધન કરીને આજીવિકામાં કાયમી સુધારો લઈ આવવા અને તેને ટકાઉ બનાવવા માટે વિવિધ પ્રયત્નો કરવાની જરૂર છે. જેમાં તળાવોનું સમારકામ, નવા તળાવો બનાવવા, જંગલોમાં વૃક્ષારોપણ કરવુ, નદી તળાવમાં જળ અને જમીન સરક્ષણના કામો કરીને ભૂગર્ભ જળને ઊંચું લાવી શકાય તે માટેના સરકારના વિવિધ વિભાગો, ગ્રામ પંચાયતો અને આગેવાનોના ટેકાથી આ કામગીરી કરી શકાય છે. તેવી ચર્ચા કરવામાં આવી છે કે, FES સંસ્થા દ્વારા મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના આદિવાસી ગામોમાં તેમનું જીવન સ્તર ઉચું આવે તે માટે સામૂહિક પ્રયત્નો કરવા માટે તેઓનું ક્ષમતા વર્ધન કરવામાં આવે છે. માનગઢ ખાતે યોજાયેલી આ મીટીંગમાં દરેક ગામ પોતાના ગામનું આગામી પાંચ વર્ષનું આયોજન કરે તે બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ મીટીંગમાં જીપીડીપી નરેગા અને લંપી વાયરસ સામે અટકાયતી પગલા માટે ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટર મહીસાગર દ્વારા પ્રસિદ્ધ કરાયેલ વાયરસ બાબતનો વિડિયો વિશે આ મિટિંગમાં ચર્ચા કરવામાં આવી હતી.

રામ રાખે તેને કોણ ચાખે કહેવતને સાર્થક કરતો કિસ્સો

ગરબાડા તાલુકાના ભેં ગામે પોતાનું પાપ છુપાવવા તાજી જન્મેલી બાળકીને ૪૦ ફૂટ ઊંડા ખાલી કૂવામાં ત્યાજી દેવામાં આવી

ગરબાડા, રામ રાખે તેને કોણ ચાખે તે કહેવતને સાર્થક કરતો કિસ્સો ગરબાડા તાલુકાના ભેં ગામમાં જોવા મળ્યો હતો કે, જેમાં તાજી જન્મેલી બાળકીને પોતાનું પાપ છુપાવવા મારવાના આશયથી પાણી વગરના એક અવાવરૂં કુવામાં નાખી દેવામાં આવી હતી. જો કે, વહેલી સવારે આ બાળકી જીવતી મળી આવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગરબાડા તાલુકાના ના ભે ગામના ગાળા ફળીયામા રહેતા જોખલાભાઇ કશનાભાઇ હઠીલાના પાણી વગરના ૪૦ ફૂટ ઊંડા કુવામાં તારીખ ત્રણના રાત્રીના સમયે કોઇ અજાણી વ્યક્તિ (સ્ત્રી) એ તાજી જન્મેલી નવજાત બાળકીને મરી જાય તે આશયથી પોતાનું પાપ છુપાવવા માટે પાણી વગરના આશરે ૪૦ ફુટ ઉંડા કુવામા મરવા માટે ત્યજી દીધી હતી. જો કે, વહેલી સવારે આ ઘટનાની જાણ થતા કુવાના માલિક દ્વારા આ ઘટના સંદર્ભે ગામના સરપંચને જાણ કર્યા બાદ ગરબાડા પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટના સંદર્ભે તપાસ કરતા આ આવાવરૂકુવામાં ત્યજી દેવાયેલ બાળકી જીવતી મળી આવતા તેને તાત્કાલિક અસરથી દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી હતી. તેમજ ઘટના સંદર્ભે કુવાના માલિકની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસના ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. જો કે, આ ઘટનાનો ભેદ વહેલી તકે ઉકેલાઈ જશે તેવી પણ ચર્ચાઓ સાંભળવા મળી રહી હતી.

બાળ કલ્યાણ સમિતિ દાહોદની દર સોમવાર અને ગુરૂવારના રોજ નિયમિત બેઠક થાય છે. આજરોજ ગરબાડા પોલીસ સ્ટેશનથી ચિલ્ડ્રન હોમ દાહોદના અધિક્ષક રાકેશભાઈ પ્રજાપતિ ઉપર ટેલીફોનીક માહિતી આવતા, તેઓએ એક ત્યજી દીધેલ બાળકી અંગે સમિતિને માહિતી આપેલ ચેરમેન નરેન્દ્ર સોની દ્વારા ત્વરિત નિર્ણય લઇ બાળ સુરક્ષા અધિકારી શાંતિલાલ કે. તાવીયાડ, લીગલ કમ પ્રોબેશન ઓફિસર એ.જી. કુરેશી, સુરક્ષા અધિકારી રેખાબેન ડી. વણકર તેમજ સમિતિના બે સભ્યો લાલાભાઈ સુવર અને લાલાભાઇ મકવાણાની ટીમને સાથે રાખી ત્યજી દીધેલ બાળકીની ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતેના એનઆઈસીયુની મુલાકાત લીધેલ અને ડોક્ટરો સાથે ચર્ચા કરી બાળકીના સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવેલ તેમજ બાળકીને દાહોદ ખાતે યોગ્ય સારવાર આપી સરકારના માર્ગદર્શન મુજબ દત્તક વિધાનની જોગવાઈઓ અનુરૂપ બાળકીને યોગ્ય કુટુંબમાં દત્તકમાં આપવા માટે ભલામણ કરી આપવા ચેરમેન નરેન્દ્ર સોનીએ જણાવેલ.

દાહોદ નાના અને મધ્યમ વર્ગ માટે લાઈફ લાઈન ગણાતી વધુ એક પેસેન્જર ટ્રેન પુનઃ શરૂ કરવા રેલ્વે તંત્રની લીલી ઝંડી

દાહોદ, પશ્ચિમ રેલવે દ્વારા રતલામ મંડળ થી ઉપડતી તેમજ દાહોદ પંચમહાલ સહિતના આસપાસના વિસ્તારો માટે લાઈફલાઈન ગણાતી વધુ એક પેસેન્જર ટ્રેનને પુનઃ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

કોરોના કાળમાં પશ્ચિમ રેલવે દ્વારા બંધ કરાયેલી મેલ એક્સપ્રેસ ટ્રેન તેમજ લોકલ ટ્રેનોને તબક્કાવાર પુનઃ શરૂ કરવાનું નિર્ણય કર્યો છે. જેમાં દાહોદ થી ઉપડતી વધુ એક પેસેન્જર ટ્રેનને શરૂ કરવાનો નિર્ણય રેલવે તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં અગામી તારીખ ૦૬ ઓગસ્ટથી ટ્રેન નંબર ૦૯૩૫૦ દાહોદ- આણંદ મેમુ ટ્રેનને શરૂ કરવાની લીલીઝંડી આપી છે. જે અંતર્ગત આ ટ્રેન અગામી ૬ ઓગસ્ટથી દાહોદથી સવારે ૧૧:૨૫ વાગ્યે દાહોદ થી ઉપડી રેટીયા, જેકોટ, ઉસરા મંગલ મહુડી, લીમખેડા, પીપલોદ, સંતરોડ, કાનસુડી, થઈ ૧૨:૫૫ વાગ્યે ગોધરા પહોંચે છે તેમજ ત્યાંથી ૧૨:૫૭ વાગ્યે ઉપડી બપોરના ૧૫:૩૫ વાગ્યે આંણદ ખાતે પહોંચશે.

લીમખેડાના ગોરીયા ગામેથી દેશી બનાવટના તમચાં સાથે ઈસમને ઝડપ્યો

દાહોદ, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ગોરીયા ગામેથી એક ઈસમ પાસેથી દાહોદ એલ.સી.બી. પોલીસે દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપી પાડી અન્ય એક ઈસમ વિરૂધ્ધ પણ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડા તાલુકાના માતવા ગામે રહેતો વિજયભાઈ ભુરીયાએ લીમખેડા તાલુકાના ગોરીયા ગામે બીલવાળ ફળિયામાં રહેતો શૈલેષભાઈ વિરસીંગભાઈ ડીડોરને બે વર્ષ અગાઉ દેશી હાથ બનાવટનો તમંચો કિંમત રૂા. ૨,૦૦૦ રાખવા માટે આપ્યો હતો. શૈલેષભાઈ પાસે દેશી હાથ બનાવટનો તમંચો હોવાની દાહોદ એલ.સી.બી. પોલીસને બાતમી મળતાં પોલીસે ગત તા.૦૩મી ઓગષ્ટના રોજ તેના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારી શૈલેષભાઈની અટકાયત કરી તેની પાસેથી કિંમત રૂા. ૨,૦૦૦ની કિંમતનો દેશી હાથ બનાવટનો તમંચો ઝડપી પાડી વિજયભાઈ વિરૂધ્ધ પણ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આપની આજ.....

મેષ : તમારા નિર્ણયને સર્વોચ્ચ રાખો. કોઈ સંમેલન કે સમારોહમાં જવા માટે આમંત્રણ મળી શકે છે. આ સમયે અનેક ખર્ચ સામે આવશે પરંતુ, આવકના સ્ત્રોત પણ વધવાથી આર્થિક સમસ્યાઓ રહેશે નહીં.

વૃષભ : કોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી આત્મિક શાંતિ પ્રાપ્ત થશે. આજે દોડભાગ તથા મહેનત વધારે રહી શકેશે છે, કાર્યની સફળતા તમારો થાક દૂર કરી દેશે.

મિથુન : તમારી કાર્યકુશળતા દ્વારા આશા પ્રમાણે લાભ પણ પ્રાપ્ત થશે. તમારી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. લગ્નજીવન મધુર રહેશે. વ્યવસાયિક ગતિવિધિઓ ઉત્તમ રહેશે. કામનો ભાર હોવા છતાંય તમે પરિવાર અને સંબંધીઓ માટે સમય કાઢી લેશો.

કર્ક : તમારો પોઝિટિવ દૃષ્ટિકોણ પારિવારિક અને સામાજિક ગતિવિધિઓમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવામાં મદદ કરશે. પારિવારિક સભ્યો તથા સંબંધીઓ સાથે સંબંધ વધારે મજબૂત બનશે.

સિંહ : આર્થિક સ્થિતિ સારી રહેશે. નજીકના સંબંધીઓ સાથે મુલાકાત થશે અને કોઈ મુદ્દા ઉપર ચર્ચા-વિચારણાં પણ થઈ શકે છે. આમ ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ થોડો સમય પસાર કરો.

કન્યા : કોઈ જૂની યોજનાને શરૂ કરવા માટેનો યોગ્ય સમય છે. ઘરના વડીલ તથા અનુભવી લોકોના માર્ગદર્શનથી અનેક મુશ્કેલીઓનું આજે આપને સમાધાન મળી શકશે છે. આજે મનમાં કોઈ મોટી દુવિધા હશે તો તે દૂર થશે.

તુલા : છેલ્લાં થોડા સમયથી અટવાયેલાં કામોમાં ગતિ આવશે. રાજનૈતિક તથા સામાજિક સીમા વધશે. બાળકોની સમસ્યાના સમાધાનમાં તમારો સહયોગ તેમના માટે ખૂબ જ યોગ્ય રહેશે.

વૃશ્ચિક : વૃશ્ચિક રાશિના જાતકોનો આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત તથા લાભકારી રહેશે. ઘરની સજાવટ અંગેના કાર્યોમાં પણ સમય સારો પસાર થશે.

ધનુ : નવી યોજનાઓને શરૂ કરવા માટે યોગ્ય સમય છે. વડીલોના આશીર્વાદ અને સ્નેહ પરિવાર ઉપર જળવાયેલો રહેશે. આવકનો કોઈ મહત્ત્વપૂર્ણ સ્ત્રોત બનશે. કોઈ ધાર્મિક સ્થળમાં પણ તમારો સમય પસાર થશે.

મકર : ઘણાં દિવસો પછી ઘરમાં નજીકના સંબંધીઓના આગમનથી ઉત્સવનું વાતાવરણ રહેશે. આ રાશિના જાતકો સંતુલિત પ્રવૃત્તિના હોય છે. આજે તમારો આ ગુણ તમારી ઉન્નતિમાં મદદગાર રહેશે.

કુંભ : આજે તમે તમારી ચતુરાઈથી કોઈ સમસ્યાનું સમાધાન મેળવવામાં સક્ષમ રહી શકશો. જે કામ છેલ્લાં ઘણાં સમયથી અટવાયેલું હતું તે આજે તમારી કોશિશ દ્વારા પૂર્ણ થવાની પુરી સંભાવના છે.

મીન : આ રાશિના જાતકો પોતાના કાર્યો પ્રત્યે સંપૂર્ણ સજાગ રહેશે. અચાનક જ કોઈ અજાણ વ્યક્તિ સાથે મુલાકાત તમારા માટે ફાયદાકારક રહેશે. આ સમયે ગ્રહની સ્થિતિઓ તમારા માટે ખૂબ જ અનુકૂળ છે. અનુભવી લોકોના સંપર્કમાં થોડો સમય પસાર કરો અથવા એકાંતમાં બેસીને આત્મ ચિંતન કરો.

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડામાં વહેલી સવારથી જ રામનાથ તળાવના ઘાટ ઉપર શીતળા માતા વ્રતની પૂજા વિધિ માટે બહેનોની લાંબી લાઈન લાગેલી જોવા મળી હતી. વર્ષો પહેલા શીતળા નામનો રોગ થતો હતો. જેમાં રોગ થનાર વ્યક્તિના શરીર પર મોટા ફોડલા ઢીંમણાઓ થઈ જતા હતા અને તેમાં અસહ્ય બળતરા પણ થતી હતી. જે રોગને નાબૂદ કરવા માટે આપણા ઋષિમુનિઓ દ્વારા તેના ઉપચારના ભાગરૂપે શીતળા માતાના વ્રત ચાલુ કરવામાં આવ્યા. જેમાં દર્દીને ઠંડક થાય તે માટે ઠંડા પદાર્થોનું સેવન કરવા માટે આગલે દિવસે રાત્રે જ ભોજન બનાવી અને ઠંડુ ભોજન જ લેવામાં આવતું હોવાની માન્યતા છે. જોકે, ૧૯૭૮ માં સરકાર દ્વારા આ રોગ રસીકરણ દ્વારા નાબૂદ કરવામાં આવ્યો હતો, પરંતુ વર્ષોથી ચાલતી પરંપરાને લઈને આસ્થાના ભાગરૂપે આજે પણ શીતળા માતાના વ્રતની માતા બહેનો દ્વારા ઠંડુ ભોજન બનાવી અને માતાજીની પૂજા અર્ચના કરી એક ટાઈમ ઉપવાસ કરવામાં આવે છે અને શ્રદ્ધા અને ઉત્સાહભેર આ વ્રતની ઉજવણી કરવામાં આવે છે.

વિશ્વ સ્તનપાન સપ્તાહ અંતર્ગત દાહોદનાં રળિયાતી ખાતે કાર્યક્રમ યોજાયો

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે દાહોદનાં રળિયાતી ખાતે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નર્સિંગનો અભ્યાસ કરતી છાત્રાઓ સહભાગી થઈ હતી. ડીડીઓએ કાર્યક્રમમાં સ્તનપાનના મહત્વ વિશે વાત કરી હતી અને દરેક માતાએ બાળકના યોગ્ય વિકાસ માટે અવશ્ય સ્તનપાન કરાવવું જોઈએ તેમ જણાવ્યું હતું. દાહોદના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને એસઆર કડકીયા સ્કુલ ઓફ નર્સિંગ અને એસડીડી કોલેજ ઓફ નર્સિંગના સહયોગથી અર્બન હોસ્પીટલ દાહોદ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા.

દે.બારીયાના મેઘામુવાડી ગામે ખેતર માંથી ૧.૧૨ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના મેઘામુવાડી ગામેથી પોલીસે એક ખેતરમાંથી કુલ રૂા. ૧,૧૨,૯૯૨નો પ્રોહી જથ્થો ઝડપી પાડ્યાંનું જ્યારે પોલીસને જોઈ ખેતરના માલિકો નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૩મી ઓગષ્ટના રોજ દેવગઢ બારીઆ પોલીસને મળેલ બાતમીના આધારે મેઘામુવાડી ગામે ભગત ફળિયામાં આવેલ એક ખેતરમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં ખેતરમાં હાજર અને ગામમાં રહેતાં નાનદજીભાઈ ધિરાભાઈ પટેલ અને જશવંતભાઈ બલસીંગભાઈ પટેલનાઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે ખેતરની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૧૦૫૬ કિંમત રૂા.૧,૧૨,૯૯૨ના પ્રોહી જથ્થા સાથે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પીપલોદ પોલીસ મથકમાં સુવિધાઓનો અભાવ

પીપલોદ, દે.બારીઆ તાલુકાના પીપલોદ પોલીસ મથકને એક વર્ષ પુર્ણ થવાને આરે છતાં પણ હજુ કેટલીક સુવિધાનો અભાવ જોવા મળે છે.

પ્રાપ્ત વિગતો અનુસાર દે.બારીઆ પોલીસ મથકમાં હજુપણ સીસીટીવી કેમેરા, ટેલિફેક્સ સેવા, ફિંગરપ્રિન્ટ, પીવાના પાણીની સુવિધા સહિત બીજી કેટલીક સુવિધાઓ હજુ મળી નથી. હાઈવે રોડને અને પેટ્રોલપંપને અડીને આવેલ પોલીસ મથક હોય ક્યારેક કોઈ મોટો અકસ્માત અથવા કોઈ લુંટફાટ થાય તેવા સંજોગોમાં સીસીટીવી કેમેરા બહુ અગત્યના હોય છે. પરંતુ કેમેરા હજુ ફિટ થયા નથી. જ્યારે કોઈપણ આરોપીને એરેસ્ટ કર્યા પછી તે આરોપીની ફિંગરપ્રિન્ટ લેવાનુ ફરજીયાત હોય છે ત્યારે ફિંગરપ્રિન્ટ માટે લીમખેડા અથવા દે.બારીઆ પોલીસ મથકે લાંબા થવુ પડે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

દાહોદ ઉજ્જવલ ટ્રેડીંગ અને ઉત્તમ ટ્રેડીંગ નામની કંપનીએ

BOBની કરોડોની લોન ભરપાઈ નહિ કરતાં ૮ જેટલી મિલ્કતો સીલ કરાઈ

દાહોદ,

દાહોદ શહેરમાં બેન્ક ઓફ બરોડાના માધ્યમથી દાહોદ શહેરમાં આવેલ બે ટ્રેડીંગ કંપનીઓએ કરોડોની લોન લીધાં બાદ આ લોનની રકમ સમયસર ભરપાઈ ન કરાતાં છેલ્લા બે-ત્રણ દિવસના સમયગાળા દરમ્યાન બેન્ક ઓફ બરોડા દ્વારા દાહોદ મામલતદારના નેતા હેઠળ અંદાજે ૮ જેટલી મિલકતોની સીલ કરી દેવાતાં દાહોદ શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે બીજી તરફ ઉપરોક્ત ટ્રેડીંગ કંપનીઓ દ્વારા કેટલાંક લોકોને જામીન રાખતાં આ જામીનદારોની મિલ્કતો પણ સીલ કરાતાં જામીનદારોમાં પણ ભારે આક્રોશ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે ટ્રેડીંગ કંપની, જામીનદારો અને બેન્ક વચ્ચે આ મામલાને લઈ આક્ષેપો પ્રતિ આક્ષેપો પણ થઈ રહ્યાં છે અને ટ્રેડીંગ કંપની દ્વારા જામીનદારોના નામે લોન લઈ કરોડોનું કૌંભાંડ આચર્યું હોવાના આક્ષેપો પણ છડેચોક થઈ રહ્યાં છે.

દાહોદ શહેરમાં આવેલ ઉજ્જવલ ટ્રેડીંગ અને ઉત્તમ ટ્રેડીંગ નામક કંપનીઓ દ્વારા જેમાં ઉજ્જવલ કંપનીના રાજેશ શાહ, રમેશચંદ્ર ભટ્ટ (સાચકલવાલા), સુશીલાબેન મણીલાલ ગડરીયા, લક્ષ્મીનારાયણ રામાકેશન, રજનીકાંત સુંદરલાલ કડીયા અને કાંતાબેન જીતેન્દ્રકુમાર દિક્ષીત દ્વારા દાહોદ શહેરમાં આવેલ પુરબીયાવાડ ખાતે આવેલ મિલ્કતના માલિકોના નામે જામીન લઈ લોન લીધી હતી ત્યારે ઉત્તમ ટ્રેડીંગ કંપનીના રીધમ રાજેશ શાહ, કિશોર સોમેશ્વર ભાટીયા, સુરેશચંદ્ર ભાટીયા, પરેશ કનુભાઈ માવી, લવીન્દ્ર પ્રસાદ કનુભાઈ ઠક્કર, મનોજકુમાર ચુનીલાલ ગેહલોત, યોગેશભાઈ ગોવર્ધન પ્રસાદ, સરોજબેન રતીલાલ સીમ્પી, પ્રતિભાબેન ભુપેન્દ્રકુમાર ચૌહાણ અને રમેશચંદ્ર નાનાલાલ ભટ્ટ દ્વારા દાહોદ શહેરમાં આવેલ સહકાર નગર રોડ, સુર્યા એપાર્ટમેન્ટ ગોવિંદનગર, રામેશ્વર મહાદેવ ફળિયા સહકાર નગર પાસે ગરબાડા ચોકડી વિગેરે વિસ્તાર ખાતે રહેતાં કેટલાંક મિલ્કતદારોના નામે દસ્તાવેજો ઉપર લોન લીધી હતી. આ ટ્રેડીંગ કંપનીઓ દ્વારા બેન્ક ઓફ બરોડામાંથી લોન લીધાં બાદ સમયસર લોનની રકમ ભરપાઈ કરવામાં આવી ન હતી જેથી આ મામલો પ્રથમ બેન્ક ખાતે અને બાદમાં કલેક્ટરની કોર્ટમાં ચાલી જતાં જે તે સમયે તમામને કોર્ટમાં હાજર પણ કરવામાં આવ્યાં હતા, પરંતુ ત્યાર બાદ પણ લોનની રકમ ભરપાઈ ન થતાં બેન્ક ઓફ બરોડાના સત્તાધિશો દ્વારા દાહોદ મામલતદારને સાથે રાખી ગતરોજ ૬ જેટલી મિલકતો અને આજરોજ ૨ મળી જેમાં એક દુકાન મળી કુલ ૮ મિલ્કતોની સીલ કરવામાં આવી હતી. સમગ્ર મામલે જામીનદારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને તેઓના જણાવ્યાં અનુસાર, પોતે આ લોન લીધી ન હતી અને લોનના નાણાં પોતાના બેન્ક ખાતામાં જમા પણ નથી થયાં તો કેટલાંક જામીનદારો દ્વારા તે પણ આક્ષેપ કરવામાં આવ્યાં હતાં કે, અમારે માત્ર આઠ લાખ જેટલી લોનની જરૂર હોઈ અને ટ્રેડીંગ કંપનીઓ દ્વારા વધુ લોનની રકમ બેન્કમાંથી પોતાના નામે ઉપાડી કૌંભાંડ કરવામાં આવ્યું હોવાનું જણાવી રહ્યાં હતા. ત્યારે આ સમગ્ર મામલે દાહોદ મામલતદાર દ્વારા પણ એક્શન મોડમાં આવ્યાં છે અને આ મામલે તેઓ પણ ગંભીરતા દાખલી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

ઉત્તમ અને ઉજ્જ્વ ટ્રેડીંગ કંપનીઓ દ્વારા પાંચ કરોડ જેટલી માતબર રકમ જેટલી બેન્કો મારફતે લોન લીધી હતી. બેન્કો દ્વારા અવાર નવાર ટ્રેડીંગ કંપનીઓ અને તેઓના જામીનદારોને અવાર નવાર નોટીસો આપ્યાં બાદ પણ કોઈએ તેની નોંધ ન લીધી અને આ કેસ કલેક્ટરની કોર્ટમાં કેસ ચાલી ગયો હતો અને કોર્ટમાં ગયાં હતાં અને પોતાની તરફથી પણ આ મામલે જાણકારી આપવામાં આવી હતી ત્યારે કોર્ટમાં કેસ ચાલતાં કેસ દરમ્યાન મુદત પણ મળી હતી. ત્યારે આખરે મુદતો બાદ પણ નાણાંની ભરપાઈ ન થતાં આખરે મિલકતો સીલ કરવામાં આવી છે. કલેક્ટરની કોર્ટમાં જામીનદારો પણ હાજર હતાં ત્યાં જામીનદારોએ કલેક્ટર સમક્ષ પોતાની રજુઆતો કરવી જોઈતી હતી અને પોતાની કોર્ટની અંદર પણ કોપણ પ્રકારની રજુઆત કરી નથી સાથે સાથે જે કંઈપણ રકમ લીધી છે લોન પેટે જેના કારણે સરકારને આર્થિક નુકસાન પહોંચતું હોય અને સાથે સાથે સમયસર લોન ન ભરાતાં આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલ બે-ત્રણ કેસ છે અને નોટીસો કાઢવામાં આવી છે. જેમાં કેટલાંક લોકોએ લોનની રકમ ભરપાઈ કરવી દેવાનું મૌખિત જણાવ્યું છે. અત્યાર સુધી પાંચ થી છ મિલ્કતો સીલ કરવામાં આવી છે.

દાહોદ જિલ્લા ભાજપા કમલમનું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં અગ્રણી નેતાઓ અને કાર્યકરો રોજેરોજ કાર્યાલયની મુલાકાતે

દાહોદ,

દાહોદ શહેરમાં નવ નિર્માણ પામનાર ભાજપાનું નવીન કાર્યાલયનું સૌ કોઈ ભાજપાના જિલ્લાના અગ્રણીઓ સહિત કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને આતુરતા જોવા મળી જોવા મળી રહી છે. અગ્રણી નેતાઓથી લઈ તમામ કાર્યકર્તાઓ દ્વારા નવીન ભાજપા કાર્યાલય માટે યથાશક્તિ પ્રમાણે દાન પણ કરવામાં આવ્યું છે. ત્યારે આજરોજ જિલ્લાના મહામંત્રી સહિત ગ્રામ્ય વિસ્તારના મહામંત્રી તેમજ પ્રમુખ દ્વારા નવ નિર્માણ પામનાર કાર્યાલયની મુલાકાતે પહોંચ્યાં હતાં અને લગભગ આ નવીન કાર્યાલાય ઓગષ્ટના અંત સુધીમાં પુર્ણ થઈ જશે તેમ જાણવા મળી રહ્યું છે.

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લાના ભાજપ કાર્યાલય કમલમનું બાંધકામ ઝાલોદ રોડ ઉપર ચાલી રહ્યું છે. જે અંતિમ તબક્કામાં છે. આજે જિલ્લાના મહામંત્રી કનૈયાલાલ કિશોરી, શહેર પ્રમુખ પ્રશાંત દેસાઈ, દાહોદ ગ્રામ્યના પ્રમુખ મુકેશભાઈ લબાના, ગરબાડા મંડળના પ્રમુખ પ્રજીતભાઈ રાઠોડ અને દાહોદ ગ્રામ્યના મહામંત્રી કાળુ સહિતના કાર્યકરોએ મુલાકાત લીધી હતી. વીજ કંપનીના અધિકારીઓને બોલાવીના આગળના થાંભલાઓ વિશેની ચર્ચા કરી હતી. કાર્યાલના ત્રણેય માળ ઉપર ફરી ઈનજનેર સાથે વિસ્તૃતિ ચર્ચા કરી હતી. કાર્યાલય નીધી માટે સ્થળ પરથીજ વિડીયો કોલ કરી અને જેતે કાર્યકરોનો સંપર્ક કરી કાર્યાલય નીધીની એકત્રિત કરવાની કામગીરી કરી હતી. દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલીયાર અને સાંસદ જસવંતસિંહ ભાભોરની દેખરેખ હેઠળ કાર્યાલયનું બાંધકામ ખુબજ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. આ કાર્યાલયનું સંપુર્ણ કામ ઓગષ્ટ મહિના સુધી પુર્ણ થઈ જાય તેવું અનુમાન છે ત્યારે આ કાર્યાલયના ઉદ્ઘાટન માટે પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ તેમજ મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની તારીખ લેવાની તારીખ લેવાની તજવીજ પણ લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કાર્યાલયના નિર્માણ માટે અગ્રણી નેતાઓ સહિત નાનામાં નાના કાર્યકર સુધીનાએ પોતાની યથા શક્તિ અનુસાર યથાશક્તિ દાન આપ્યું છે. આવનાર સમયમાં પણ કાર્યાલયમાં ખુટતી સુવિધાઓ પુર્ણ કરવામાં કાર્યકરો કટીબધ્ધ હોવાનું જાણવા મળ્યું છે.

ફતેપુરા તાલુકામાં તંત્ર દ્વારા એગ્રો સેન્ટરોની તપાસ હાથ ધરાતા સંચાલકોમાં ફાફડાટની લાગણી વ્યાપી

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં હાલ ખેડૂતોને ખેતીમાં ખાતર આપવાનો સમય ચાલુ થઈ ગયેલ છે. તેવા સમયે તાલુકામાં ચાલતા અનેક એગ્રો સેન્ટરોમાં સરકારના નિયત ભાવ કરતાં વધુ ભાવો વસૂલાત કરતા એગ્રો સેન્ટર સંચાલકોની વિરૂદ્ધમાં સમાચારો પ્રગટ થતાં આજરોજ દાહોદ જિલ્લા તંત્ર દ્વારા સુખસર,બલૈયા તથા ફતેપુરામાં એગ્રો સેન્ટરોની તપાસ હાથ ધરવામાં આવતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી અને દાહોદ જિલ્લા નાયબ ખેતીવાડી નિયામક કચેરીના જવાબદારો દ્વારા એગ્રો સેન્ટરના સંચાલકોને સરકારના નિયત ભાવ મુજબ જ ખાતર વેચાણ કરવા કડક સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

જાણવા મળેલી વિગતો મુજબ હાલમાં મકાઈ,તુવર, અડદ તથા ડાંગર જેવા પાકોની ખેતીમાં ખાતર નાખવાનો સમય ચાલી રહ્યો છે. તેવા સમયે તાલુકામાં ચાલતા અનેક એગ્રો સેન્ટરોમાં એગ્રો સેન્ટરના સંચાલકો દ્વારા ખેડૂતો પાસેથી સરકારના નિયત ભાવ કરતા વધુ નાણા પડાવવામાં આવતા હોવા બાબતે દાહોદ લાઈવ સહિત દૈનિક સમાચાર પત્રોમાં સમાચારો પ્રગટ થતા આજરોજ દાહોદ જિલ્લા નાયબ ખેતી નિયામકની કચેરીના કર્મચારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ખરેખર સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ યુરિયા ખાતરની ૪૫ કિલોની એક બેગના રૂપિયા ૨૬૬.૫૦ પૈસાના ભાવે ખેડૂતોને ખાતર આપવાનું હોવા છતાં ફતેપુરા તાલુકાના એગ્રો સેન્ટરોમાં રૂપિયા ૨૮૦/- થી ૩૩૦/- સુધી ભાવો વસૂલાત કરવામાં આવતા હોવા અંગે અમારા પ્રતિનિધિને જાણ થતા તે બાબતે માહિતી લઈ સમાચારો પ્રકટ કરતા આજરોજ દાહોદ જિલ્લાના તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમજ યુરિયા ખાતરના નિયત ભાવ કરતા વધુ ભાવ વસૂલાત કરવામાં આવતા હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. ત્યારે તંત્ર દ્વારા એગ્રો સેન્ટરના સંચાલકોને સરકારના નિયમ પ્રમાણે ભાવો વસૂલાત કરી ખાતર વેચાણ કરવા કડક સુચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, હાલ તંત્ર દ્વારા તપાસ હાથ ધરતા ફતેપુરા તાલુકામાં એગ્રો સેન્ટરના સંચાલકોએ સરકારના નિયત ભાવ મુજબ ખાતર વેચાણ કરવા મજબૂર બન્યા છે. પરંતુ સમય જતા ફરીથી ખાતર વેચાણમાં એગ્રો સેન્ટરના સંચાલકો દ્વારા ખાતર, બિયારણ તથા દવાઓના ભાવમાં લૂંટ ચલાવાય નહીં તે બાબતે વહીવટી તંત્ર દ્વારા ચાંપતી નજર રાખવી ખૂબ જ જરૂરી જણાય છે.

દાહોદના દૂધમલ ખાતે ગેલ ઈન્ડિયા લિમીટેડ દ્વારા ઓફસાઈટ મોકડ્રીલ યોજાઈ

દાહોદ,

દાહોદના દૂધમલ ખાતે ગેલ ઈન્ડિયા લિમીટેડ દ્વારા ઓફસાઈટ મોકડ્રીલ યોજાઈ હતી. ગેઈલ ઈન્ડિયા દ્વારા નિયમિત પણે યોજવામાં આવતી સેફટી ઓડિટ, સેફટી ટ્રેનિગ તેમજ મોકડ્રીલના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કર્મચારીઓએ આકસ્મિક આગના સમયે સેફટી પ્રીપેડનેશ તરીકે કરવાની કામગીરીની મોકડ્રીલ યોજાઈ હતી. જેમાં આગ લાગવાના સમયે કરવાની નાગરિકોનો બચાવ, આગ બુઝાવવા સહિતની બાબતો આવરી લેવાઈ હતી. મોકડ્રીલમાં ગેલ ઈન્ડિયા લીમીટેડના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પરમ પૂજ્ય ૧૦૮ શ્રી આચાર્ય વસુનંદિજી ગુરૂરાજન પરમ પ્રભાવક શીષ્યો મુનિ ૧૦૮ શીવાનંદજી અને પ્રશમાનંદજી ગુરૂ ના સાનિધ્ય માં દિગંબર જૈન સમાજ દાહોદ દ્વારા ભગવાન ૧૦૦૮ પારસનાથ સ્વામી નો નિર્વાણ મહોત્સવ આચાર્ય પુષ્પદંત નિલય માં ધાર્મિક વિધિ વિધાન સાથે ઉજવવામાં આવ્યો.

મુનિશ્રી શિવાનંદજી એ પ્રવચન દરમિયાન જણાવ્યું કેમોક્ષપદ ની પ્રાપ્તિ માટે જૈનેસવરી દિગમ્બર દિક્ષા લઈ સંયમતાને ધારણ કરવીજ પડે અને પુરૂષાર્થ કરી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે. ભગવાન પાર્શ્વનાથને પાલખીમાં બિરાજમાન કરવા અને સમેદશિખરપહાડની કરેલ રચનામાં ભગવાનનો અભિષેક, કરી ભગવાન વિરાજમાન કરવાનું સૌભાગ્ય રાજમતીબેન કાન્તિલાલ કોડીયા પરીવારને, મુખ્ય નિર્વાણ લાડુ ચઢાવવાનું સૌભાગ્ય રીટા શૈલેશ સરૈયા પરિવારને, પુષ્પવૃષ્ટિ કરવાનું સૌભાગ્ય ઉષાબેન રાજેન્દ્ર ગાંધી પરિવારને તથા મુનીઓના પાદપ્રક્ષાલ કરવાની સૌભાગ્ય ઘરમીષટાબેન સિધાથેભાઈ જૈન પરિવારને પ્રાપ્ત થયેલ છે.

જેસાવાડામાં રાષ્ટ્રપતિના અભિવાદન સમારોહમાં કાર્યકરો ઉમટયા

દાહોદ,

ભારત સરકારે આદિવાસી મહિલાને રાષ્ટ્રપતિ બનાવતાં સમગ્ર દેશના આદિવાસીઓમાં ઉત્સાહનુ વાતાવરણ ફેલાયુ છે. ત્યારે આજે જેસાવાડામા પણ રાષ્ટ્રપતિના અભિવાદનનો કાર્યક્રમ યોજાયો હતો.જેમા સાંસદ થઈ લઈ ગરબાડા વિધાનસભા વિસ્તારના સરપંચ સુધીના પદાધિકારીઓ અને ભાજપાના નેતાઓ તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે.જેથી સ્વાભાવિક રીતે જ દેશમાં પ્રથમ વખત આદિવાસી મહિલાને રાષ્ટ્રપતિ બનાવાતાં જિલ્લામાં આનંદ અને ઉલ્લાસ ફેલાયેલો છે.ભાજપ દ્વારા ઠેર ઠેર અભિનંદન કાર્યક્રમો થઈ રહ્યા છે. ત્યારે આજે ગરબાડા ૧૩૩ વિધાનસભા વિસ્તારનો ભાજપાનો કાર્યક્રમ બપોરે ૧:૦૦ કલાકે જેસાવાડા યશવાટિકા ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો.જેમા ઢોલ નગારા સાથે વિસ્તારના કાર્યકરો અને પદાધિકારીઓ આવ્યા હતા. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, આ એક ઐતિહાસિક ઘટના છે કે કોઈ સરકારે એક સાધારણ આદિવાસી પરિવારના મહિલાને દેશના સર્વોચ્ચ સ્થાને બેસાડ્યા છે અને આદિવાસી સમાજને ગૌરવ અપાવ્યું છે. કેન્દ્રની ભાજપ સરકારે ફરી એક વાર પુરવાર કર્યુ છે કે તેના હૈયે ભાજપનું હિત વસેલુ છે. દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયરે મહામહિમ રાષ્ટ્રપતિ દ્રોપદી મુરમુના જીવનના સંઘર્ષની વાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે, વનબંધુ કલ્યાણ યોજનાથી માંડી એવા કેટલાયે કર્તવ્ય ભાજપે નિભાવી બતાવ્યા છે અને દેશનું સર્વોચ્ચ પદ આદિવાસી મહિલાને અર્પણ કરવું તે તેની પરાકાષ્ઠા છે. ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને દેવગઢ બારીઆના ધારાસભ્ય બચુભાઈ ખાબડે પણ નરેન્દ્રભાઈ મોદીની મુખ્ય મંત્રી થી લઈ પ્રધાનમંત્રી સુધીની સફરમાં સર કરેલા આદિવાસી કલ્યાણના કાર્યોની ગાથા વર્ણવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, જિલ્લા ભાજપના મહામંત્રી કનૈયાલાલ કિશોરી, દાહોદ ગરબાડાના પ્રભારીઓ, સંગઠનના પ્રમુખ મહામંત્રીઓ, જિલ્લા,તાલુકા પંચાયતના સભ્યો, સંગઠનના પદાધિકારીઓ અને ભાજપના કાર્યકરો વિશાળ સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

ફતેપુરા તાલુકાની અપહરણનો ભોગ બનેલી ૧૮ વર્ષીય યુવતીનું ત્રણ માસમાં જ શંકાસ્પદ મોત નીપજતા પેનલ પી.એમ. કરાયું

- ફતેપુરા તાલુકાના એક ગામની ૧૮ વર્ષીય યુવતીને માધવા ગામનો યુવક ૮ એપ્રિલ-૨૦૨૨ ના રોજ અપહરણ કરી ગયો હતો.
- હાલ યુવતી પતિ,સાસુ,સસરા તથા અન્ય લોકો સાથે અમદાવાદ રામોલ ટેકરા ખાતે ફાર્મમાં રહી મજૂરી કામ કરતા હતા.
- મૃતક યુવતીની લાશ જોતા નાક તથા કાનમાંથી લોહી નીકળતું હોવાના આક્ષેપ સાથે પિયરિયા ઓએ અમદાવાદ સિવિલમાં પી.એમ કરાવ્યું.

ફતેપુરા,

માતા-પિતા અને પરિવારની પરવા કર્યા વિના પ્રેમાંધ બની ભાગી છુટતા યુગલોના કેટલાક કિસ્સાઓનો કરૂણ અંજામ આવે છે.જેનો જીવતો જાગતો પુરાવો હાલ ફતેપુરા તાલુકાના એક ગામની ૧૮ વર્ષીય યુવતીને પિતાનું ઘર છોડ્યા બાદ દાંપત્ય જીવનના પાટા ઉપર ડગ માંડતા પહેલા ત્રણ જ મહિનામાં મોતના ખપ્પરમાં હોમાઈ જતા તરેહ-તરેહ ની ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

ફતેપુરા તાલુકા માંથી ૧૪ વર્ષની સગીરા થી લઈ ૨૦ વર્ષની કુવારીકાઓ સહિત કેટલાક કિસ્સાઓમાં પરણીતાઓના કહેવાતા અપહરણના કિસ્સા અવાર-નવાર પ્રકાશમાં આવે છે.જે પૈકી જૂજ કિસ્સાઓમાં એફ.આઈ.આર દાખલ થાય છે. જ્યારે મોટાભાગના કિસ્સાઓમાં સમાજની પંચો દ્વારા સમાધાન કરી લેવામાં આવે છે. તેવી જ રીતે ફતેપુરા તાલુકાના સુખસર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા એક ગામની યુવતી તેના પિતા સાથે માણસા તાલુકાના રાજપુરા ગામે ઘઉં વાઢવાની મજૂરી કામે ગયેલ હતા. ત્યાંથી ફતેપુરા તાલુકાના માધવા ગામના ઉજાડીયા ફળિયામાં રહેતા અને ત્યાં જ મજૂરી કામ કરતો વિક્રમભાઈ સંતુભાઈ કટારા દ્વારા ૮ એપ્રિલ-૨૦૨૨ ના રોજ યુવતીને પ્રેમ જાળમાં ફસાવી અપહરણ કરી ગયેલ હતો. ત્યારબાદ વિક્રમ કટારા તથા તેના માતા-પિતા તથા યુવતીને લઈ ગત પંદરેક દિવસ અગાઉ અમદાવાદના રામોલ ટેકરા ખાતે આવેલ રમેશભાઈ અરજણભાઈ ભરવાડના ફાર્મમાં છૂટક મજૂરી કામે ગયા હતા. ત્યારબાદ ૨ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ યુવતીના પિતા ઉપર નજીકના ગામના પરિચિત દ્વારા મોબાઈલથી જાણ કરવામાં આવી કે, તમારી પુત્રીને તાવ આવવાથી મરણ ગયેલ છે. તેવી જાણ પડતાં યુવતીના પિયરિયાઓ અમદાવાદના રામોલ ટેકરા ફાર્મ ઉપર ગયા હતા. જ્યાં છોકરા પક્ષના લોકોએ મૃતક યુવતીના પિયરીયાઓને જણાવેલ કે, તમો પોસ્ટમોર્ટમ કરાવશો નહીં.અમો તમોને પાંચ દિવસ પછી રૂપિયા ૧,૫૦,૦૦૦/- સમાધાન પેટેના આપી દઈશું નું જણાવતા યુવતીના કાન તથા નાકમાંથી લોહી નીકળતું હોય તેમજ ગળાના પાછળના ભાગે કાળાશ પડતી ચામડી નજરે પડતા પિયરીયાઓને દીકરી સાથે અજુકતો બનાવ બન્યો હોવાનો શક જતા પોસ્ટમોર્ટમ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને લાશનું અમદાવાદ સરકારી હોસ્પિટલમાં પેનલમાં પોસમોર્ટમ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

અહીંયા જણાવવું જરૂરી છે કે, આગાઉ બંને પક્ષોની પંચોએ મળી ૫ ઓગસ્ટ-૨૦૨૨ ના રોજ સમાધાન કરી લેવા પંચોએ બંને પક્ષોને સમજાવટ કરતા યુવતીના પિયરિયા ઓએ પણ સમાધાન કરવા સંમતિ આપી હતી.પરંતુ સમાધાન થાય તેના ત્રણ દિવસ પહેલા જ યુવતીનું શંકાસ્પદ મોત નીપજતા તરેહ-તરેહ ની ચર્ચાઓ એ જોર પકડ્યું છે. જોકે મૃતક યુવતીનું પેનલમાં પી.એમ કરવામાં આવ્યું છે અને તેના રિપોર્ટના આધારે યુવતીનું મોત કયા કારણોસર થયું છે?તે જાણી શકાશે.મૃતક યુવતીના અંતિમ સંસ્કાર સાસરિયાઓએ પીયરીયાઓની હાજરી વિના તાબડતોબ રાત્રિના સમયે કરી દેવામાં આવ્યો હોવાનો પિયરિયાઓ દ્વારા અમારા પ્રતિનિધિ સમક્ષ આક્ષેપ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળે છે.

મૃતક યુવતીના પિતાએ અમદાવાદના વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા લાશના પંચનામા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી પેનલમાં પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ લાશનો કબજો યુવતીના સાસરિયાઓને સોંપી આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લા વહીવટી તંત્ર આદિવાસી દિવસની ઉજવણી કરવા તૈયારીઓ પુરજોશમાં શરૂ કરી

દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી ૯મી ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી થવાની છે. ત્યારે આ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં ઝાલોદમાં મુખ્યમંત્રી તેમજ આદિજાતિ વિકાસ મંત્રી તથા દાહોદ જિલ્લાની અનુસૂચિત જનજાતિ બેઠક ધરાવતી પાસે વિધાનસભા બેઠકો પર રાજ્યના મંત્રીઓની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી થવાની છે. ત્યારે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલુ કરી દેવામાં આવી છે.

યુનેસ્કો દ્વારા જાહેર કરાયેલા ૮ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ તરીકે મનાવવામાં આવે છે. ત્યારે આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ, તેમજ આસપાસના પંચમહાલ, છોટાઉદેપુર રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશના આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લાઓમાં વિશ્વ આદિવાસી દિવસની ધામધૂમથી ઉજવણી થવાની છે. તેમજ રાજ્યમાં ૧૫ ટકા વસ્તી ધરાવતા અનુસૂચિત જનજાતિની ધરાવતી ૨૭ બેઠકો આવેલી છે ત્યારે આગામી બેથી ત્રણ મહિના બાદ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આવતી હોઈ રાજ્યમાં પરંપરાગત અનુસૂચિત જનજાતિ વોટબેન્ક ધરાવતા વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે પૈકી દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ, તેમજ નરેશ પટેલ (આદિજાતિ વિકાસ મંત્રી, દાહોદમાં ઉચ્ચ તાંત્રિક શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર, ગરબાડા વિધાનસભામાં અરવિંદ રૈયાણી (વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન પ્રવાસી, મંત્રી), લીમખેડા વિધાનસભા માં બ્રિજેશ મેરડા (શ્રમ રોજગાર અને પંચાયત ગ્રામ અને ગૃહ વિભાગ) ફતેપુરામાં વિધાનસભાના દંડક રમેશ કટારા સહિત મુખ્યમંત્રી તેમજ સરકારના મંત્રીઓની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવવાની તડામાર તૈયારીઓ પાલિકા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે તેમજ આ તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં પાલિકા વહીવટી તંત્ર જોતરાઈ ગયું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.292

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

કાલોલ રામનાથ-દેલોલ ગોમા નદીનો

ચેકડેમ ધોવાઈ જતાં ખેડુતોએ જાતે જ પાણી રોકવા માટીની પાળ બાંધવાની કામગીરી હાથ ધરી

કાલોલ,

કાલોલ તાલુકાના દેલોલ અને રામનાથને જોડતો એકદમ ગોમા નદીમાં બનાવેલો છે. અચાનક પાણીના વહેણને કારણે સાઈડ પર ભંગાણ પડતા ધોવાઈ ગયો છે. જેને કારણે મરામત ન કરતા ખેડૂતો દ્વારા છેલ્લા ૨ દિવસ થી જાતે જ કામ ઉપાડીને માટી થી પાળ બાંધવાની શરૂઆત કરી છે.

કાલોલ તાલુકાના દેલોલ અને રામનાથ ગામની વચ્ચે ગોમાં નદીમાં છેલ્લા ૧૫ વર્ષ પહેલાં ચેકડેમ બનાવ્યો હતો. જેના કારણે આજુ બહુ ના ૧૫ ગામોને પીવાના પાણી અને સિંચાઈના પાણીની સુવિધા રહેતી હતી અને ખેડૂતને પાણી મળી રહેતું હતું, પરંતુ આજ થી ૫ દિવસ પહેલા ગોમાં નદીમાં વરસાદી પાણી આવવાના કારણે ચેકડેમની સાઈડ પર ભંગાણ પડ્યું અને પાણી ધીરે ધીરે વહેતુ થયું જોત જોતામાં આ ભંગાણ મોટું થયું અને ગોમાં નદીમાં બનાવેલા ચેકડેમને ડેમેજ કર્યો. ખેડૂતોને આ વાતની જાણ થતાં તરત સ્થળ પર પહોંચ્યા અને પાણી રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પાણી રોકી ન શક્યા આજે વહેલી સવાર થી આજુ બાજુના ગામના સરપંચ અને ડેપ્યુટી સરપંચ અને આગેવાનો એકત્ર થાય ગામના કેટલાક લોકો એ ટ્રેક્ટર આપ્યા, તો જેસીબી પણ આપ્યા અને કામગીરીની શરૂઆત કરી. આખરે ૧૦ થી ૧૨ ટ્રેક્ટર અને ત્રણ જેસીબી થી આખા દિવસ દરમ્યાન કામ કરવા લાગ્યા અને ૪૦૦ જેટલા ટ્રેક્ટર ભરીને નદીમાં પાણી આવે તે જગ્યા પર પુરાણ કર્યું.

રામનાથ ગામના ખેડૂતો એ ભેગા મળીને આ કામ તો ચાલુ કરી દીધું પરંતુ જિલ્લાના સિંચાઈ અધિકારીઓ તેમજ અન્ય અધિકારીઓ દેખીને સંતોષ માન્યો ત્યારે ખેડૂતને આજે તક્લીફ પડે અધિકારીઓ દેખતા રહેતા હોય તેવા કિસ્સા દેખાવ મળ્યા. પાનમ સિંચાઈના અધિકારીઓને આજ થી ૬ મહિના પહેલા ખેડૂતો તેમજ ગામના અગ્રણીઓ દ્વારા ચેકડેમની મરામત કરવા માટે રજુઆત પણ કરી હતી, પરંતુ આ ચેકડેમની મરામતની લેખિત કોઈ ધ્યાનમાં ન લીધું. આજે અધિકારીઓની નિષ્કાળજીના કારણે ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે.

હવે જોવાનુ રહ્યું કે, ખેડૂતો અને સ્થાનિક આગેવાનની મહેનત થી માંડ પાણીને રોકી શક્યું છે અને હજી કામગીરી ચાલુ છે. તો જિલ્લા સિંચાઈ વિભાગ અને સરકારના અધિકારીઓ તેમજ મંત્રી રસ ધરાવે તો મહેનત બનવેલો ચેકડેમ સ્થાનિક ખેડૂતો માટે ઉપયોગી બને.

ગોધરા સ્થિત ફેડરેશન હોલ ખાતે નારી વંદન કાર્યક્રમ અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

નારી વંદન કાર્યક્રમ અંતર્ગત આજ રોજ પંચમહાલ જિલ્લાના ગોધરા સ્થિત ફેડરેશન હોલ ખાતે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગીત અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

આજના આ પ્રસંગે વિવિધ મહાનુભાવોના હસ્તક વ્હાલી દિકરી યોજના અંતર્ગત લાભાર્થી બહેનોને મંજુરી હુકમો એનાયત કરાયા હતા. દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરતા મહિલાઓનું ટ્રોફી આપી જાહેરમાં સન્માન કરવામાં આવ્યુંઓ હતું. આ સાથે મહિલા સરપંચ, તાલુકા અને જિલ્લા કક્ષાએ સમાજમાં આગવું પ્રદાન કરનાર મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પંચાયતી રાજ અને સામાજિક અન્વેષણ વિષય પર સંવાદ યોજાયો હતો. જિલ્લામાં ખેતીવાડી ક્ષેત્રે સફળ મહિલા ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. મહિલાઓને સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી બાબતે માહિતગાર કરાયા હતા. આ સંસ્થા રાજયના ૩૩ જિલ્લાઓમાં ૨૪ કલાક કાર્યરત રહીને સેવા આપે છે. ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અન્વયે માહિતી અપાઈ હતી. ૧૮૧ અભયમ ટીમની કામગીરી તથા સુરક્ષા સેતુ દ્વારા સ્વબચાવ નિદર્શન અને પંચાયતી રાજને લગતી બાબતોની સબંધીત અધિકારીગણ દ્વારા મહિલાઓને માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ એ જણાવ્યું હતું કે, એક સફળ સ્ત્રી પોતાના પરિવારને સધ્ધર બનાવે છે. આજે પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ મહિલાઓને ૫૦ ટકા નેતૃત્વ મળ્યું છે. આજે સરકાર દ્વારા મહિલાઓને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા અનામત મળ્યું છે. તેમણે મહિલાઓને જીવનશૈલી, રહેણીકહેણી અને સમાજમાં આત્મસન્માન બાબતે માહિતી આપી હતી. આજે સરકારના પ્રયાસો થકી સમગ્ર વિશ્વમાંથી ફક્ત ભારતમાં મહિલાઓ માટે ૧૭૮ વિવિધ યોજનાઓ કાર્યરત થઈ છે. આજે પ્રસુતિથી લઈને બાળકીઓના શિક્ષણ માટે સરકાર સતત ચિંતિત છે. દીકરાઓના જન્મથી લઈને શિક્ષણ સુધી સરકાર તરફથી તમામ યોજનાઓમાં મદદ કરવામાં આવી રહી છે.તેમણે મહિલાલક્ષી યોજનાઓ વિશે ઉપસ્થિત મહિલાઓને માહિતી આપી હતી.

આજના આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રિકાબેન ભાભોર, મહિલા બાળ વિકાસ અધિકારી રોહનભાઈ ચૌધરી, દહેજ પ્રબંધક અધિકારી કિરણબેન તરાળ, જિલ્લા ખેતીવાડી અધિકારી મુકેશભાઈ પટેલ,જિલ્લા પશુપાલન અધિકારી એન.એ.પટેલ, પ્રાંત અધિકારી ગોધરા, જિલ્લા અને તાલુકા પંચાયત પ્રમુખ, સભ્યઓ સહિત વિવિધ અધિકારીગણ/મહાનુભાવો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા રાજ્ય વાહન વિભાગ અને ભારત વિકાસ પરિષદના ઉપક્રમે ST કર્મચારીઓ માટે મેડકીલ કેમ્પ યોજયો

ગોધરા,

સલામત સવારી એસ.ટી હમારી આ સ્લોગન દરેક એસ.ટી બસ ઉપર જોવા મળે છે, પરંતુ સલામત સવારી ત્યારે જ સાર્થક થશે જ્યારે સવારી ચલાવનાર એસ.ટી ડ્રાઈવર અને કંડકટર તથા બસને મેન્ટેનન્સ કરનાર મિકેનિકલ સ્ટાફ સહિત વહીવટી કર્મચારીઓ ફિઝિકલ ફીટ હશે. ત્યારે સલામત સવારી એસ.ટી હમારીનું સ્લોગન સાર્થક નીવડશે. ત્યારે આ દરેક કર્મચારીઓના શારીરિક સ્વાસ્થ્યને લઈ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ગોધરા વિભાગ અને ભારત વિકાસ પરિષદ ગોધરાના સંયુક્ત ઉપક્રમે મેડીકલ ચેકઅપ કેમ્પ ગોધરાના એસ.ટી નગર ખાતે આવેલા રેસ્ટ હાઉસમાં યોજવામાં આવ્યો હતો.

૪૦૦થી વધુ કર્મચારીઓએ શારિરિક ચેકઅપ કરાવ્યું. ગોધરાના એસ.ટી નગર ખાતે આવેલ રેસ્ટ હાઉસમાં વિભાગીય નિયામક દિનેશભાઈ જેઠવા અને ભારત વિકાસ પરિષદ ના પ્રમુખ અરવિંદસિંહ સિસોદીયા ઉપસ્થિતિમાં મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો જેમાં એન.સી.ડી વિભાગ જિલ્લા પંચાયત ગોધરા રીધમ હોસ્પિટલ ગોધરા અને દ્રષ્ટિ નેત્રલય દાહોદ દ્વારા એસ.ટી વિભાગના ડ્રાઈવર અને કંડકટર તેમજ મિકેનિકલ સ્ટાફ વહીવટી કર્મચારીઓનું બ્લડ પ્રેશર ડાયાબીટીસ હૃદયરોગ અને આંખનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦થી વધુ કર્મચારીઓએ પોતાનું શારીરિક ચેકઅપ કરવામાં આવશે આ કેમ્પમાં ભારત વિકાસ પરિષદ ગોધરાના પ્રમુખ અરવિંદસિંહ સિસોદીયા ભરતભાઈ મહેતા, દેવલભાઈ ભવાનીશંકર વેદાંતી પરિવાર એસ.ટી વિભાગના ડીએમઈ ખાંટ લેબર ઓફિસર ચોપડા ડેપો મેનેજર કે એ પરમાર દરેક કર્મચારીઓએ પોતાની હેલ્થ માટે જાગૃત અને સતર્ક બની રહેવું જોઈએ. ગોધરાના એસ.ટી નગર ખાતે એન.સી.ડી વિભાગ જિલ્લા પંચાયત ગોધરા રીધમ હોસ્પિટલ ગોધરા અને દ્રષ્ટિ નેત્રલય દાહોદ દ્વારા ૪૦૦ થી વધુ એસ.ટી નિગમના કર્મચારીઓનું ચેકઅપ કરાશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ગોધરા વિભાગ અને ભારત વિકાસ પરિષદ ગોધરાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા મેડિકલ ચેકઅપ કેમ્પમાં એન.સી.ડી વિભાગ જિલ્લા પંચાયત ગોધરા રીધમ હોસ્પિટલ ગોધરા અને દ્રષ્ટિ નેત્રલય દાહોદ દ્વારા અલગ અલગ વિભાગમાંથી આવેલા ડોક્ટરો દ્વારા એસ.ટી નિગમના ૪૦૦થી વધુ કર્મચારીઓનું બ્લડ પ્રેશર ડાયાબીટીસ, હૃદયરોગ અને આંખનું ચેકઅપ કરવામાં આવ્યું હતું.

ગોધરા તાલુકાના ભલાણીયા ગામની મહિલા દ્વારા ચોમાસાની સીઝનમાં બે મહિના માટે છતની વ્યવસ્થા કરવા સરપંચ/તલાટીને રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકાના ભલાણીયા ગામની મહિલા દ્વારા સરપંચ અને તલાટી કમ મંત્રીને ચોમાસાની સીઝનમાં રહેવાનો આશરો ન હોય હંગામી ધોરણે આશરો આપવા માટે રજુઆત કરી.

ગોધરા તાલુકા ભલાણીયા ગામે રહેતી શારદાબેન નાનાભાઈ પટેલ દ્વારા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટીને લેખિત રજુઆત કરવામાં આવી છે કે, રહેવાનો કોઈ આશરો ન હોય હાલ ચોમાસાની સીઝનમાં વરસાદને લઈને વરસાદ અને ઠંડી થી ખુલ્લામાં રહેવાની ભારે તકલીફ વેઠવી પડે છે. ત્યારે બે મહિના માટે કામચાલની રહેવા માટે સરકારી ઓફિસ, સમાજઘર, મંદિર, આંગણવાડી, સરકારી દવાખાના કે શાળામાં આશરો આપવામાં આવે તેવી રજુઆત કરાઈ. કોરોના કાળ દરમિયાન સરકાર દ્વારા અસરગ્રસ્ત દર્દીઓને સરકારી શાળા, મકાનોમાં રાખવા માટે બેડની વ્યવસ્થા કરવામાં આવેલ તે બેડ વિગેરે સામાન ઉપયોગી છે. જેનો માવતાના ધોરણે આવા કપરી પરિસ્થિતીમાં સદ્ધઉપયોગ તે માટે ફાળવવામાં આવે તેવી માંગ સાથે રજુઆત કરાઈ.

ધાંધલપુર શ્રી સ્વામી નારાયણ મંદિર ખાતે શ્રાવણ માસમાં હિંડોળા ઉત્સવને લઈ ભકતો ભાવ વિભોર

ગોધરા,

સ્વામીનારાયણ મંદિરોમાં દર વર્ષે શ્રાવણ માસની વરસાદી મોસમમાં હિંડોળાનો ઉત્સવ ઉજવાય છે. હિંડોળા ઉત્સવ એટલે ભગવાનને સ્વહસ્તે ઝુલાવાનો અણમોલ અવસર. ભક્તિની રીત જ એવી છે કે, હરિ સંગાથે લાડ કરવાં, એમને જમાડવા– પોઢાડવા અને એમને ઝુલાવવા. હિંડોળાની રચના કરવામાં સૌ ભક્તો પોતાની ઊર્મિઓ ઠાલવે છે. કળા અને કસબ, ધન અને શ્રમએમાં સીંચે છે. હૃદય આનંદથી વિભોર બની જાય છે. આ દિવસો દરમિયાન મંદિરોમાં વિવિધ હિંડોળા તૈયાર કરવામાં આવે છે.

વિવિધ શણગારોથી તૈયાર કરવામાં આવે છે હિંડોળા ભગવાનના હિંડોળાને ફૂલોથી, સુકામેવાથી, ફૂટથી, પવિત્રતાથી, રાખડીઓથી, ચોકલેટ, મોતી, ફુગ્ગા, છીપલાં, મોરપીંછ, સિક્કાઓથી, અગરબત્તી,વગેરેથી શણગારવામાં આવે છે. હિંડોળા ઉત્સવ પ્રારંભે શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની પ્રેરણાથી પૂજનીય સંતો પણ પંચમહાલ જિલ્લાના મહંત સંત શિરોમણી શ્રી યોગપ્રિયદાજી સ્વામી, સંત શિરોમણી શ્રી ઘનશ્યામસ્વરૂપ સ્વામી, સંત શિરોમણી શ્રી જ્ઞાનસાગર સ્વામી, સંત શિરોમણી શ્રી નિર્દોષસ્વરૂપ સ્વામી અને ભાવીક ભકતોએ મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત પંચમહાલ જિલ્લાના શ્રી સ્વામિનારાયણ મંદિર, ધાંધલપુર માં ''શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ'' ઉપક્રમે હિંડોળા સજાવ્યા છે.

પંચમહાલ જીલ્લા રમતગમત વિભાગ આયોજિત સુબ્રોતો ફૂટબોલ કપ ૨૦૨૨-૨૩ અંતર્ગત અંદર ૧૭ વર્ષના ભાઈઓની ફૂટબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અમારી અમન ડે સ્કુલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં જીલ્લા કક્ષાએ અમારી શાળાની ટીમ વિજેતા જાહેર થઈ છે. તેઓને રમવા માટેની તૈયારીઓ અમારા સ્પોર્ટ્સના કોચ દ્વારા અપાઈ હતી. અને હવે આ ટીમ રાજયકક્ષા લેવલે પણ ટુક સમયમાં જશે. તેની શુભેચ્છાઓ શાળા પરિવાર દ્વારા આપવામાં આવી.

મોરવા હડફ વિધાનસભા મત વિસ્તારના લીમડી અને ગાડીયા જિલ્લા પંચાયતના કાર્યકર્તા બેઠક રાજ્ય સરકારના મંત્રી નિમીષાબેન સુથારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં વિકાસના કામો બાબતે અને નાના-મોટા પ્રશ્નો અને સ્થાનિક વહીવટી પ્રશ્નોને લઈ ચર્ચા થઈ હતી. બેઠકમાં જીલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા, સંતરામપુરના મહામંત્રી સંજયભાઈ પટેલ જિલ્લા સદસ્ય, તાલુકા સદસ્ય, સરપંચો અને કાર્યકર્તા ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા.

નિવાસી અધિક કલેક્ટરના હસ્તે જિલ્લા સેવા સદન ગોધરા ખાતે રાખડીઓનું પ્રદર્શન કમ વેચાણ કેન્દ્ર ખુલ્લુ મુકવામાં આવ્યું

ગોધરા,

રક્ષાબંધનનો તહેવાર ભાઈ–બહેનના પ્રેમનું પ્રતિક છે. આ દિવસે ભાઈ પોતાની બહેન પાસે રાખડી બંધાવે છે. ભાઈ પોતાની બહેનની રક્ષા માટે પ્રણ લે છે. રક્ષાબંધનનો તહેવાર ભારતમાં ખૂબ ધૂમધામ સાથે મનાવામાં આવે છે. આ દિવસે અવનવી અને કલાત્મક રાખડીઓ તૈયાર કરીને વેચાણ અર્થે મુકવામાં આવે છે.

ગોધરા સ્થિત ગાંધી સ્પેશ્યલ બહેરા મૂંગા વિદ્યાલય, ગોધરામાં અભ્યાસ કરતા ૧૧૬ મૂક બધિર બાળકોએ સુંદર અને કલાત્મક રાખડીઓ બનાવીને જિલ્લા સેવા સદન કચેરીના કમ્પાઉન્ડમાં આ રાખડીનું પ્રદર્શન કમ વેચાણકેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. જેને નિવાસી અધિક કલેક્ટર એમ.ડી.ચુડાસમાના હસ્તે જાહેર જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. આ તબક્કે સબ ડિવિઝનલ ગોધરા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી તેમજ અન્ય તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા અને આ કેન્દ્રની મુલાકાત લઈ રાખડીઓની ખરીદી કરી મૂક બધિર બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

હાલમાં જ આવી રહેલા રક્ષાબંધનના તહેવારને લઈને આ વિદ્યાર્થીઓ દ્વારા અવનવી અને કલાત્મક રાખડીઓ તૈયાર કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ સાંભળી કે બોલી સકતા નથી, તેમ છતાં સમાજમાં પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ત્યારે આ રાખડીને પણ ગોધરાવાસીઓ ખરીદી અને બાળકોને પ્રોત્સાહિત કરે તેવો અનુરોધ કરાવામાં આવે છે.

હાલોલ વિધાનસભા મતવિસ્તારના ઘોઘંબા તાલુકાના ભાણપુરા મુકામે આમ આદમી પાર્ટીની મીટીંગ યોજાઈ

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

તારીખ ૪–૮–૨૨ ને ગુરૂવાર ના રોજ ભાણપુરા મુકામે આમ આદમી પાર્ટી ની મીટીંગ યોજાઈ તેમાં ભાણપુરા ગામના ગ્રામજનો ખુબ મોટી સંખ્યામાં જોડાયા દિવસ અને દિવસે થઈ રહેલ ભ્રષ્ટાચાર, મોંઘવારી, તેમજ અનેક ભર્ષ્ટ નીતિ ભાજપ સરકાર અપનાવી રહી છે ત્યારે ગુજરાતમાં એક વિકલ્પ એટલે આમ આદમી પાર્ટી છે. તે ગુજરાતના નાગરિકોને મફત શિક્ષણ મફત વીજળી, મફત મુસાફરી, તેમજ ગુજરાત ના યુવાનોને દસ લાખ નોકરીઓ તેમજ નોકરી ના મળે ત્યાં સુધી દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવામાં આવશે જ્યાં સુધી જેયુવાન નોક્રી ના કરે ત્યાં સુધી દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવા અરવિંદ કેજરીવાલ જાહેરાત કરી ગુજરાતમાં દિવસ અને દિવસે મોંઘવારીનો જનતા પર રાજ કરી રહીં છે. ત્યારે અરવિંદ કેજરીવાલ એક સારો વિકલ્પ મુક્યો હતો ૨૦૨૨ માં ગુજરાતનો એક વિકલ્પ તરીકે આમ આદમી પાર્ટીને સપોર્ટ કરી અને આમ આદમી પાર્ટીની સરકાર બનાવવા ભરત રાઠવા એ લોકો ને કામે લાગી જવા માટેજણાવ્યું હતું ગુજરાત માં આમ આદમી પાર્ટી સરકાર બનાવવા જઈ રહી છે. ત્યારે ભાજપના ભ્રષ્ટ નેતાઓ દ્વારા આમ આદમી પાર્ટીમાં જોડાઈ રહેલા કાર્યકરોને ધમકાવી દબાવી પ્રબોલન આપી અનેક રીતે હેરાન પરેશાન કરી નાના માણસોને અનેક રીતે હેરાનગતિ કરવામાં આવે છે લોકો પાર્ટીમાં જોડાય છે અને બે દિવસમાં ભાજપ વાળા, આવે એના ઘરે પહોંચે છે અને લોકોને દબાવે છે.

શહેરાથી રેણા મોરવા અને ગોકળપુરાને જોડતા માર્ગ ઉપર જોખમી વૃક્ષો દુર કરાય તે જરૂરી

ગોધરા,

ગોધરા અને શહેરાથી રેણા મોરવા, ગોકળપુરા સહિતના ગામોને જોડતો એકમાત્ર મુખ્ય માર્ગ આવેલો છે. આ માર્ગ ઉપર રાત–દિવસ વાહનોની સતત અવર જવર રહેતી હોય છે. આ રસ્તા પર ત્રણ વૃક્ષો જોખમી બન્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અહિંનો રોડ પાનમ કેનાલ ક્રોસ કરે છે જેનાથી થોડે આગળ એક વળાંક આવેલો છે. ત્યાં ત્રણ જેટલા વૃક્ષ રોડની સાઈડમાં આવેલા છે જે રોડ બાજુ વૃક્ષો નમી ગયા છે. આ નમી ગયેલા વૃક્ષો હાલ ચાલી રહેલી ચોમાસાની ઋતુમાં ક્યારે પડી જાય તેની દહેશત અહિંના સ્થાનિક અગ્રણિઓ વિનોદભાઈ પટેલ સહિત વાહનચાલકો અને રાહદારીઓ વ્યકત કરી રહ્યા છે. જો રાત્રિ દરમિયાન અથવા કોઈ વાહન પસાર થવાના સમયે આ વૃક્ષો પૈકી કોઈપણ વૃક્ષ ધરાશાયી થાય તો અહિંથી પસાર થતાં કોઈપણ વ્યકિત કે વાહનને નુકસાન થવાની શકયતાઓ નકારી શકાય તેમ નથી. જેથી સત્વરે આ નમી ગયેલા વૃક્ષો કાપી દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગોધરા તાલુકાના કોટડા ગામેથી ૨૮ હજારના દારૂના જથ્થા સાથે ઈસમ ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના કોટડા ગામે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ ક્વાટરીયા નંગ–૨૮૯ કિંમત ૨૮,૦૩૩/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કોટડા ગામે રહેતા દિલીપ અર્જુનભાઈ બારીયા પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂ રાખીને વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી એલ.સી.બી.પોલીસે ઈંગ્લીશ દારૂ નંગ–૨૮૯ કિંમત ૨૮,૦૩૩/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.